Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

सर्वान् पश्यन्तु बन्धूनिव जगति जना भेदबुद्धिं विहाय
स्थाने पात्रे च कर्तुं वितरणमसकृत्वास्तु बुद्धिर्धनस्य ॥
हीने नम्रा भवन्तु प्रखरधनवतामग्रगण्या हि शश्वद् ।
'आत्मानन्द प्रकाशं' विदधतु हृदये श्रीजिनः श्रावकानाम् ॥

पु० २३ मुं | वीर सं. २४५२. माघ आत्म सं. ३० | अंक ७ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर

## વિષયાનુક્રમણિકા.


| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ પરમેષ્ઠિ ગુણ સંક્ષિપ્ત વિવરણ 'સૂરીશ્વર ગુણ વર્ણન.' ... | ૧૫૧ | ૫ ગાર્હસ્થ્ય જીવન ... ... | ૧૬૦ |
| ૨ વિશ્વરચના પ્રબંધ... ... | ૧૫૨ | ૬ વિક્રમરાજાની પરોપકારવૃત્તિ. | ૧૬૫ |
| ૩ ઉપદેશપદ. ... ... ... | ૧૫૭ | ૭ વર્તમાન સમાચાર. ... | ૧૭૦ |
| ૪ સ્વાધ્યાય. ... ... ... | ૧૫૭ | ૮ સ્વીકાર અને સમાલોચના. | ૧૭૬ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## છપાઇ તૈયાર થયેલ અપૂર્વ ગ્રંથ.

## " गुरुतत्त्व विनिश्चय । "

પ્રસ્તુત ગ્રંથના કર્તા ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમાન્ યશોવિજયજી મહારાજ છે. ગુરૂતત્ત્વના સ્વરૂપનો સંગ્રહ વાચકોને એકજ ઠેકાણે મળી શકે એવા ઉદ્દેશથી તેઓશ્રીએ જૈનાગમોનું દોહન કરી પ્રસ્તુત ગ્રંથમાં તેવા સંગ્રહને રોચક અને સરલ છતાં પ્રૌઢભાષામાં વર્ણવેલો છે. જેનો ખ્યાલ વિદ્વાન્ વાચકોને ગ્રંથના નિરીક્ષણથી આવી શકશે.

સંસ્કૃત ભાષાને નહી જાણનાર સાધારણ વાચકો પણ પ્રસ્તુત ગ્રંથ માટેની પોતાની જિજ્ઞાસા પૂર્ણ કરી શકે છે. માટે ગ્રંથની આદિમાં સંપાદકે ગ્રંથનો તેમજ તેના કર્તાનો પરિચય કરાવી ગ્રંથનો તાત્ત્વિક સાર તથા વિષયાનુક્રમ આદિ ગુજરાતી ભાષામાં આપેલ છે. અને અંતમાં ઉપયોગી પરિશિષ્ટો તથા ઉપાધ્યાયજીના અજ્ઞાત બે અપૂર્વ ગ્રંથોનો ઉમેરો કરવામાં આવ્યો છે.

ખપી મુનિમહારાજો તેમજ ગૃહસ્થોએ મંગાવવા સાવધાન રહેવું. દરેક લાભ લઇ શકે તે માટે કિંમત અડધી રાખવામાં આવી છે. કિંમત રૂા. ૩-૦-૦ ટપાલ ખર્ચ જુદું પડશે. અમારે ત્યાંથી મળી શકશે.

## " કાવ્ય સાહિત્યનો અપૂર્વ ગ્રંથ. "

## " કાવ્ય સુધાકર. "

( રચયિતા—આચાર્ય શ્રી અજીતસાગરજી મહારાજ. )

કાવ્યકલા અને સાહિત્યનો એક સુંદર નમુનો કે જે સામાયિક રસથી ભરપૂર છે, તેવા હૃદયદ્રાવક ૪૩૫ વિવિધ કાવ્યનો સંગ્રહ. ઉપરોક્ત આચાર્યશ્રીની કૃતિનો આ ગ્રંથમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં ચાર વિભાગ ૧ કાવ્ય કિરણાવલી, ૨ કાવ્ય કૌમુદી, ૩ સાહિત્યસાર અને ૪ શ્રી આનંદઘનજી પદનો કાવ્ય ( કવિતા ) રૂપે અનુવાદ એ ચારનો સમાવેશ કરવામાં આવેલો છે. તમામ ( કવિતાઓ ) એકંદર સરલ, સુંદર, રસયુક્ત, હૃદયદ્રાવક, અને ભાવવાહી કાવ્યનો આ સંગ્રહ છે. સામાજીક, નૈતિક, ધાર્મિક, વિષયો સાથે પ્રાસંગિક અને કુદરતી વર્ણનોથી બનેલાં આ કાવ્યો હોઇને દરેક મનુષ્ય ( જનસમાજ ) ને ઉપયોગી છે. દરેક મનુષ્યે લાભ લેવા જેવું છે. ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી છપાવી સુંદર રેશમી કપડાના પાકા બાઇંડીંગથી અલંકૃત કરેલ સાડાચારસે પાનાનો આ ગ્રંથ છે. કિંમત રૂા. ૨-૮-૦ પોસ્ટેજ જુદું. મળવાનું ઠેકાણું—" શ્રી જૈન આત્માનંદ સભા "—ભાવનગર.

પૃષ્ટ ૫૫૦ **શ્રી દાનપ્રદીપ ભાષાંતર.** કિંમત રૂ. ત્રણ

ધર્મના ચાર પ્રકાર—દાન, શીયલ, તપ અને ભાવમાં દાનધર્મ મુખ્ય છે.

આ દાનધર્મનાં ભેદો, તેનું વિસ્તારયુક્ત વર્ણન, તેના વિશેષ ભેદો અને આ દાનધર્મનું આરાધન કરનાર આદર્શ જૈન મહાન્ પુરૂષોનાં વીશ અદ્દભૂત ચરિત્રો, કથાઓ અને બીજી અંતર્ગત વિશેષ ચમત્કારિક કથાઓ આ ગ્રંથના બાર પ્રકાશમાં આપવામાં આવેલ છે.

આ ગ્રંથ સાદ્યંત વાંચવાથી ગમે તેવો મનુષ્ય પણ દાનધર્મ આદરવા તત્પર થાય છે. સુશોભિત રેશમી કપડાથી પાકું બાઇંડીંગ કરાવી તૈયાર કરેલ છે.

દરેક મનુષ્યોએ પોતાના ઘરમાં—લાયબ્રેરીમાં અને નિવાસસ્થાનમાં તથા મુસાફરીમાં આ ઉપયોગી ગ્રંથ રાખવો જોઇએ. કિં. ૩-૦-૦ પોસ્ટેજ અલગ.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીયુત શેઠ નરોતમદાસ ભાણજીનો સ્વર્ગવાસ.

શહેર ભાવનગર નિવાસી બંધુ **નરોતમદાસભાઇ** સુમારે ૪૯ વર્ષની વયે માત્ર ૭ દિવસની બિમારી ભોગવી સાંતાક્રુઝ મુંબઇમાં માહ શુદ ૧૩ મંગળવારના રોજ રાત્રિના એક વાગે પોતાના બંગલામાં પંચત્વ પામ્યા છે. તેઓ શ્રી આ શહેરની જૈન કોમના અગ્રગણ્ય અને આ શહેરના મુખ્ય શહેરી હતા. સ્વભાવે સરલ શાંત, નિખાલસ, અને નિસ્પૃહી પ્રેમાળ મનુષ્ય હતા. દેવ, ગુરૂ, ધર્મ પ્રત્યે પૂર્ણ પ્રેમ હોઇને ધર્મના દરેક કાર્યોમાં તન, મન, ધનથી સહાય આપતા; તેટલુંજ નહિં પરંતુ જ્ઞાતિના તેવા કાર્યોમાં સાથે જાતિ ભેદ, ધર્મ ભેદ સિવાય અન્યને પણ અનેક પ્રકારની સહાય આપતા હતા એટલે કે તેઓ એક દાનવીર રત્ન હતા.

દેવ ગુરૂની અપૂર્વ ભક્તિ, અને અનુકંપા તેમજ ધર્મના જપ, તપ નિયમનું પરિપાલન કરનારા હતા. જેથી તેઓ જૈન કુલભૂષણ રૂપ હતા. પોતાના સરલ અને શાંત સ્વભાવની છાપ અત્રેના સંઘમાં, પોતાની જ્ઞાતિમાં અને ભાવનગર મહાજન મંડલમાં પોતાની છેલ્લી જીંદગી સુધી ખાસ પાડેલી હતી. સમુદાયના કોઇ ખેંચતાણુ, સમજફેર કે મમત્વના પ્રસંગોએ સુલેહ સાચવવામાં, સમાધાની કરવામાં તન, મન, ધનનો ઉપયોગ કરતા હતા, જેથી અત્રે સંઘમાં તેમની જ્ઞાતિમાં, ભાવનગરની સમગ્ર પ્રજામાં અને હિંદના સકલ જૈન સમુદાયમાં એક ખરેખર લાયક નરરત્નની ખોટ પડી છે. આજે ભાવનગર જૈન કોમનો ચળકતો તારો અસ્ત થયો છે–કાઠીયાવાડનું રત્ન ગુમ થયું છે.

શ્રીમંતાઇમાં જન્મેલ છતાં એક સાદામાં સાદી જીંદગી ભોગવતા હતા, તેટલુંજ નહિં પરંતુ અનેક કાર્યોમાં પુષ્કળ દ્રવ્ય ખર્ચી, ઉદાર હાથ લંબાવી, કેળવણીના ઉત્તેજન જેવા મહત્વના અનેક કાર્યોમાં સહાય અને જાહેર સખાવતો કરી મનુષ્ય જન્મનું સાર્થક કર્યું છે. તેઓની ઉદારતા ખરેખર આ શહેરની જૈન કે સમગ્ર પ્રજાને નમુના રૂપ અનુકરણીય હતી. તેઓની જીંદગી વધારે લંબાણી હોત તો તેઓથી સમુદાયને વધારે લાભ થાત, તે તેમણે કરેલા અનેક ઉત્તમ કાર્યોનો ચોકસ પુરાવો છે, પરંતુ ભવિતવ્યતા બળવાન હોઇ મનુષ્ય માત્રનું તેની પાસે કાંઇ ચાલતું નથી. તેઓશ્રીની આ સભા ઉપર ઘણીજ લાગણી હતી. પાછળથી તેમાં ઉમેરો થતાં હાલમાં તેઓ ખરા શુભેચ્છક અને સહાયક બન્યા હતા. તેઓશ્રીનો સ્વર્ગવાસ થતાં આ સભા પણ અંતઃકરણ પૂર્વક પોતાની દીલગીરી જાહેર કરે છે, અને તેઓના સુપત્નીઓ, સુપુત્રો વગેરે કુટુંબને દિલાસો આપે છે અને તેના ભત્રીજા ભાઇ દામોદરદાસ તેમના પિતા તુલ્ય સ્વર્ગવાસી કાકાશ્રી નરોતમભાઇના પગલે ચાલી તેમના કરેલ ઉત્તમકાર્યો નિભાવી, ચલાવી તેમાં અને અન્ય બીજા શુભકાર્યોમાં વધારો કરશે એટલી સુચના કરીએ છીએ. ભાઇશ્રી નરોતમદાસના સ્વર્ગવાસના સમાચાર સાંભળી આખા શહેરમાં હડતાલ પડી છે. પ્રજા શોક કરે છે અને આ સભાની મીટીંગ પણ શોક પ્રદર્શિત કરવા મેળવતાં શોકની લાગણી દેખાડી હતી.

છેવટે તે સ્વર્ગવાસી, ધર્મનિષ્ઠ અને પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

का अरई ? के आणंदे ? इत्थं पि अग्गहे चरे, सव्वं हासं परिच्चज्ज आलीणगुत्तो परिव्वए । पुरिसा ! तुममेव तुमं मित्तं किं बहियामित्तमिच्छसि ? । जं जाणिज्जा उच्चालइयं तं जाणिज्जा दूरालइयं, जं जाणिज्जा दूरालइयं तं जाणिज्जा उच्चालइयं । पुरिसा ! अत्ताणमेव अभिनिगिज्झ, एवं दुक्खा पमुच्चसि । पुरिसा ! सच्चमेव समभिजाणाहि, सच्चस्साणाए उवट्ठिए से मेहावी मारं तरइ । सहिओ धम्ममायाय सेयं समणुपस्सइ ॥

आचाराङ्गसूत्रम् ।

पुस्तक २३ मुं. { वीर संवत् २४५२. माह आत्म संवत् ३०. } अंक ७ मो.

## परमेष्टि गुण संक्षिप्त विवरण, ' सूरीश्वर गुण वर्णन. '

( સુણો ચંદાજી શ્રીમંધર પરમાતમ પાસે જાજો—એ દેશી )

* સુણ પ્રાણીરે આચરજ ઉત્તમ ગુરૂ ગુણ સંભાળજે;
સુખદાનીરે મધુરી મુખ વાણી મનમાં તું ધારજે.
એહ [૫] પંચેદ્રિય વશ કારક છે, બ્રહ્મચર્ય [૯] ગુપ્તિ નવધારક છે,
[૪] ચઉ વિહ કષાય નિવારક છે. સુણ પ્રાણી૦ ૧

---

૧ આચાર્ય મહારાજના છત્રીશ ગુણ—તેમાં પાંચ ઇંદ્રિયોને વશ કરનારા માટે એ પાંચ, બ્રહ્મચર્યની નવ ગુપ્તિને ધારણ કરનાર તેથી એ નવ, ચાર પ્રકારના ક્રોધાદિ કષાયના ત્યાગી તેથીએ ચાર, પાંચ મહાવ્રતના ધારક તેથી પાંચ, પાંચ આચારના પાળક માટે એ પાંચ, અને પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિ મલી આઠ પ્રવચન માતાના પાલનાર જેથી એ આઠ એમ સર્વ મળી છત્રીશ ગુણ જાણીયે—વિશેષ સ્વરૂપ જોવા ઇચ્છનારે ગ્રંથોથી જોઇ લેવું.

* આ પદ્ય બ્હેનોને ગહુંલીમાં પણ ગાઇ શકાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુભ ૫ પંચ મહાવ્રત ગ્રાહક છે, ૫ પંચ વિધ આચાર સુપાલક છે;
૫ સમિતિ ૩ ગુપ્તિ સંભાળક છે. સુણ પ્રાણી૦ ૨
એમ છત્રીશ ગુણ ભૂષણ ધારી, વલી અન્ય ગુણો અપરંપારી,
નહીં એ સમ જગમાં ઉપગારી. સુણ પ્રાણી૦ ૩
ગુરૂ શીતલ છે શુભ ચંદ્ર સમા, તેજે તેજસ્વી સૂર્ય સમા;
ગંભીર ગુણ માંહી સમુદ્ર સમા. સુણ પ્રાણી૦ ૪
એ દેશ વિદેશે વિચરંતા, પૃથ્વી તલને પાવન કરતા;
અજ્ઞાન તિમિરને અપહરતા. સુણ પ્રાણી૦ ૫
શરણું સૂરિવરનું સુખકારી, શ્રદ્ધાથી લેશે શિરધારી;
નિશ્ચે તરશે તે નરનારી. સુણ પ્રાણી ૬

# વિશ્વરચના પ્રબંધ.

## ( નિવેદન ૧૨ મું )

( ગતાંક પૃષ્ઠ ૧૩૫ થી શરૂ. )

**B કુરાને મસ્જીદ—+૩૯**

સુરા—૨, સુરતુલબકરામાં કહ્યું છે કે—તમે ખુદાને કેમ માનતા નથી અને તમે નિર્જીવ ( વીર્ય લોહી વિગેરે ) હતા પછી તેણે તમને જીવ આપ્યો. પછી તે તમને મૃત્યુ આપશે, પછી વળી તે તમને જીવતા કરશે + + ૨૮ ખુદા તેજ છે કે જેણે પૃથ્વીમાં જે સઘળું છે તે તમારા માટે પેદા કર્યું છે પછી તેણે આકાશ ઉપર સત્તા ફેલાવી ( આ વાકય કુરાનનું ગૂઢાર્થ છે. તેના અર્થ વિષે પૂછપરછ કરવાની મના થઇ છે. ) પછી તેણે સાત આકાશો બનાવ્યા, અને તે સર્વ આજ

---

+ ૩૯ મુસલમાન ગ્રંથના આધારે ચોવીશ પેગંમ્બરો થયા છે. જેના નામો—આદમ ( ઉમ્મર વર્ષ—૯૩૦ ) શેષ, અદ્રેસનુહ—હૂદ—સાલહ—ઇબ્રાહિમ—લૂત—ઇસમાઇલ—અસહર્ક—યષ્ક—બયુસૂફ શયબ—મૂસા—હારૂ—અલિયાસ અલીસેય—સમયૂલ—દાઉદ—સુલેમાન યન્સ—જીકરીયા—યહિયો—ઇસા અને મહમદઃ — ભયના પ્રસંગે જે દિને હઝરત મદિનામાં સહીસલામત જઇ પહોંચ્યા તે દિવસથી હીઝરાસનની શરૂઆત થઇ છે, હીજરીસન ૧૧ રવીઉલ અવ્વલ તા. ૧૩ દિને મહમદ હઝરત મૃત્યુ પામ્યા છે જેઓ વફાત થયાને આજે તેરસોથી અધિક વર્ષો થયાં છે.

કુરાને શરીફ રમજાન મહીનાની તા. ૨૭ મીએ આકાશથી ઉતર્યાં છે—પ્રથમ કુરાનના શબ્દોનો ઉચ્ચાર જૂદો જુદો કરતો હતો પણ ત્રીજા ખલીફાએ એક મોતબર નકલ તૈયાર કરી ઉચ્ચારના ચિન્હો ટાંકયાં. વિદ્વાન પ્રવિણોની સભામાં તે નક્કી કર્યું. કુરાનનું વાંચન સાત પ્રકારે છે જેનો મૂળ અર્થ સમાનજ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણનાર છે ૨૯ + પરવરદેગારે ફેરસ્તાને કહ્યું કે હું જમીન ઉપર એક ખલીફો પેદા કરનાર છું. ( આ અધિકાર આદમ માટે છે તેને ઉત્પન્ન કરવા માટે–ખુદાએ ઇરાદો કરી પોતાના નૂરમાંથી ઉપજાવેલ અગણ્ય ફીરસ્તામાં ચાર મોટા ફીરસ્તા છે. તે પૈકીના ૧ જંબરાઇલ ૨ મીકાઈલ અને ૩ એસરાફીલ એ ત્રણ ફીરસ્તાને હઝરત આદમનું શરીર બનવવા, વિવિધ જાતિની **માટીની** સખ્ત મુઠી ભરી લાવવા મોકલ્યા, પણ પૃથ્વીએ અમુક રીતીનો ખેદવાળો ભય દર્શાવ્યાથી તે ત્રણે પાછા ફર્યાં. હવે ખુદાએ તેજ કામ માટે–ચોથા ફીરસ્તા “ એઝરાઈલને મોકલ્યો જેણે પોતાનું કામ બજાવ્યું. ખુદાએ આ ફીરસ્તાને--દેહમાંથી આત્માને જુદો પાડવાના કામમાં મોતના ફીરસ્તા તરીકે નીમ્યો. તેણે લાવેલ માટીને ફીરસ્તાએ કેળવી અને ખુદાએ નરાકૃતિ બનાવી, ૪૦ વર્ષ સુધી સુકાવા મુકી તે દરમ્યાન તેને જોવા માટે ફીરસ્તાઓ અને આગમાંથી પેદા કરેલ **એબ્લિસ** વિગેરે જેવો સેતાન ફીરસ્તાઓ તેના શરીરને જોવા જતા હતા. ખુદાએ તે શરીરમાં જીવ નાખ્યો અને બુદ્ધિવાન આત્માની બક્ષીસ કરી, ને દુનીઆની દરેક ચીજનું નામ આપ્યું ને તેને બે હસ્તમાં મૂકયો તથા તેની ડાબી પાંસળીમાંથી સ્ત્રી હઝરત **હાવાને** ઉત્પન્ન કરી ) + + ૩૦ ખુદાએ **આદમને** ૩૧ સર્વ ચીજોના નામ શીખવ્યાં. ને આદમે તેના ફીરસ્તાને શીખવ્યાં અને એમ કહ્યું કે–“હે આદમ ! તું તારી સ્ત્રી સાથે જન્નતની વાડીમાં રહો અને પુષ્કલ ફલ ખાઓ. માત્ર આ( ઘઉંનું ડુડું અંજીરનું ઝાડ કે દ્રાક્ષનું ઝાડ “ તફસીરમાંથી ” ) ઝાડ પાસે જશો નહિં.” સેતાન

કુરાનના ૧ કોરાનેમજીદ ( ૫૫૮ ) અને સ્કોરઆને શરીફ ( ૧૧૯૨ ) એમ બે ભાગ છે.

**મનઝેલ** ( સપ્તાહવાંચનના વિભાગો ) સાત છે. **સુરા** ( પ્રકરણ ) ભાગ પેલાની ૧૭ અને બીજાની ૯૭ એમ કુલ ૧૧૪ છે.

**આયા** ( શ્લોક કે વાકયની નિશાનીઓ ) ૬૨૩૯ છે, તેમાં જૂની છતાં નહીં અનુસરાતી આયાને મનસુખ કહેવાય છે અને જુની આયાના વિરોધવાળી છતાં અનુસરાતી આયાને નાસેખ આયા કહેવાય છે.

**કલેમા** ( શબ્દ ) ૭૭૯૩૪ છે. હર્ફ ( અક્ષર ) ૩૨૩,૬૭૧ છે, કુરાનના નામાંતરો ૫૪ છે. પેગંબર એકંદરે ૧૨૪૦૦૦ મોકલાયા છે, તેમાં ઓલુલ અઝામ ( નવોધર્મ સ્થાપનાર ) ૬ અથવા ૯ છે. મળમૂત્ર વિગેરે કુરાનના વાંચનમાંના પાક છે તેથી તેના વાંચનારા પવિત્ર થઇ સારા વિચારપૂર્વક શુદ્ધ જગામાં બેસી, ઉંચ્ચે સ્વરે પણ બીજાને અડચણ થાય તો ધીમે સ્વરે ત્રણથી વધારે દિવસ ચાલે એવી રીતે કુરાનનું વાંચન કરે છે.

ખુદાએ એલ્લાહી કિતાબો ૧૨૪ મોકલી છે ( મૂળ પાનું–૩ ટીપણી ) યહુદિઓ પયંગરને મારવા તૈયાર થયેલા તે. અને ખ્રીસ્તિઓ ઇસાને ખુદા માની આડે રસ્તે ચડેલા તે. ( ટીપણી )

મુસલમાની ફિરકીના મતભેદ અનેક છે તે **આયાની** સંખ્યામાં પણ ઓછી વધુમાને છે.

ફારસી આર૦ પ્રોફેસર શેખ મહમ્મદ એસફહાની ધીમુસતફાઇ૦ પ્રી૦ પ્રે૦ મુંબઇની મુદ્રિત હિજરી ૧૩૧૮ ની મહોરવાલી નકલ અને પ્રસ્તાવના પરથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અબ્લીસે ( નિરાશ થયેલાં ) તે બંન્નેને લલચાવ્યાં ( એબ્લીસ ચોકીની સખ્તાઈથી અંદર પેસી શકયો નહીં. જેથી અંદર જવા ઘણા જાનવરોની મદદ માગી. અંતે એક સાપે મોરની પીઠ ઉપર ચડી પોતાના દાંતમાં અબ્લીસને પકડી એ હસ્તમાં દાખલ કરવાનું માથે લીધું. ) પછી અબ્લીસે તે બન્નેને જેમાં તેઓ હતાં તેમાંથી બહાર કાઢ્યાં + + ૩૬ એમ કહ્યું કે તમે સઘળા ( હઝરત આદમ હાવાં મોરસાપ સેતાન વિગેરે ) ત્યાંથી નીચે ઉતરો ( અહીં કહેવાય છે કે એ હસ્તથી નીચે ઉતરતાં આદમ સરદીબ ( સિંહલદ્વિપ ) માં અને હાવાં અરબસ્તાનમાં નીચે ઉતર્યાં હતાં—જે બંન્નેનો બસે વર્ષ વિયોગ રહ્યા પછી જેબરાંઈલના પ્રયત્નથી મક્કા પાસે ભેગા થયા હતાં ) પછી + + ૩૮ હે એસરાઈલ ( હઝરત અકુબની ઓલાદ અને હઝરત મુસાનો જન્મ વંશ ) ના છોકરાંઓ ! તમારી પર મોકલેલ મારી બક્ષીસ સંભારો. મારી સાથેનો કરાર પૂરો કરો. હું તમારી સાથેનો કરાર પૂરો કરીશ અને મારોજ ડર રાખો. ૪૦ અને તમો મારી આયાત જુજ કીંમતે ખરીદો નહીં. ઈમાન લાવો. ૪૧ અને યાદ કરો કે જ્યારે તમને ફેર ઔનના માણસોથી બચાવ્યા ( ફેર ઔનને એક સ્વપ્નથી જણાયેલ છે કે એસરાઈલના વંશમાં એક એવો જન્મશે કે જેથી મારૂં સર્વસ્વ નષ્ટ થશે. જેથી તેણે એસરાઇલ વંશના દરેક જન્મતા છોકરાને મારવા હુકમ કર્યો. એકંદરે ૭૦૦૦૦ મરાયા પછી કેટલાકની આજીજીથી એક વર્ષના અંતરે જન્મેલાને મારી નાખવા હૂકમ કર્યો. આ બાલકને જીવતાં રાખવાના વર્ષમાં હઝરત હારૂન જન્મ્યા અને મારવાના વર્ષમાં હઝરત મૂસા જનમ્યા. પણ તેની માતાએ મુસા બાલકને પેટીમાં મૂકી નદીમાં વહેતો કર્યો, જે પેટી તરતી તરતી ફેરઔનના મહેલ પાસેજ આવી અને તેનીજ સ્ત્રીએ આ બાલકને દત્તક લીધો. આ રીતે શત્રુસંઘમાં તેને રક્ષણ મળ્યું. વિશેષ માટે જુઓ ( સુરા—૭—૧૦—૧૬ ) જેઓ તમોને હેરાન કરતા દીકરીઓને જીવતી રાખી છોકરાઓને મારી નાખતાં. આમાં પરવરદેગાર તરફથી તમારે માટે મોટી અજમાયેશ હતી. ૪૯

પછી તમે આ ફરી ગયા. પછી જો ખુદાની દયા—મહેરબાની તમારી ઉપર ન હોત તો તમો ખચિત નુકસાન ખમનારામાં હોત. ૬૪ અને ખરેખર તમે તેઓને જાણ્યા છે કે જેઓએ તમારામાં શનિવારના દિવસે હોકમનું ઓલંઘન કર્યું. ( શનિવારે-સબ્બવારે યહુદીઓને[૭] શિકારની સખ્ત મના છતાં હઝરત દાહુદના રાજ્યમાં રાતા સમુદ્ર પરના એૈલાના ગામના યાહુદીઓ[૭] માછલીને નહેરમાં લાવી પાળથી રોકતા અને, રવિવારે મારી નાખતા. પરંતુ આ આયાથી એવું કથન નીકળે છે કે—માછલા શનિવારે—ફરતા પણ રવિવારે કયાંઈ ગુમ થઈ જતાં ) પછી એમ તેઓને કહ્યું કે તમો તુરત વાંદરા થાઓ. ૬૫. × × અને તેમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાબુલમાં બે ફીરસ્તા **હારૂત** અને **મારૂતને** ( આ બે ફીરસ્તા હતા કોઈ કહે છે કે- તેઓ જાદુ કરતા હતા. કેટલાક માને છે કે હજરત આદમના વંશજો પાપ કરતા હતા. તેથી ખુદાએ બે ફીરસ્તાને મનુષ્યના વિકારો આપી મનુષ્યના ન્યાય કરવા મોકલ્યા. તેઓએ પૃથ્વીમાં સ્વફરજ બજાવી પણ અંતે **ઝોહરા** નામે રૂપવતી સ્ત્રીના પ્યારમાં પડી અકૃત્યમાં દોરાયા. પછી તે સ્ત્રી **શુક્રનો** તારો બની ગઇ અને બન્ને ફીરસ્તાને તેની માગણી પ્રમાણે કયામતના દિવસ સુધી બાબુલના કુવામાં રહેવાની શિક્ષા થઇ. કેટલાક તફસીર લખનારાઓ પાક ફીરસ્તાને માટે આમ બનવું અસંભવિત માને છે ) નીચે મોકલવામાં આવ્યા હતા × + ૧૦૨

**અને તેમના પયગંબરે તેમને કહ્યું છે ખરેખર તેમના રાજ્યની નિશાની એજ છે કે તાબુત** તમારી પાસે આવશે (અહીં એવું બન્યુ છે કે પેગંબરે ખુદાના કથનથી તાબુતને પાદશાહ તરીકે મુકરર કર્યાનું એસરાઈલના લોકોને જણાવ્યું હતું. તેની નિશાની તરીકે આ તાબુત હતી. આ તાબુતમાં સઘળા પયગંબરોની **છબીઓ** હતી. તે સ્વર્ગમાંથી નીચે હઝરત આદમને મોકલવામાં આવેલ, જે છેવટે હઝરત મુસાને મળી હતી. એસરાઈલના વંશજો તેનો બહુ આધાર રાખતા. તેનાથી યુદ્ધમાં જય પામતા જે આખરે અમાલેકી કોમ પાસે ગયેલ. જ્યાંથી લાવી ફેરસ્તાએ તાબુતના પગમાં મૂકી હતી. આ પેટી હતી. ) તેમાં તમારા પરવર દેગાર તરફથી **સકીના**( શાંતિ અથવા એક જાતનું પક્ષી ) છે × × ૨૪૮

+ + + **અમે** સ્પષ્ટમાં અજેઝા ( ચમત્કારો ) આપ્યા અને પવિત્ર આત્મા ( ફીરસ્તાથી ) તેને શકિત આપી × × જો ખુદાએ ઇચ્છયું હોત × તેઓમાં મદભેદ પડયો ન હોત + + + ૨૫૩

+ તેની કોરસી ( આસનમાં )માં આકાશો અને પૃથ્વીનો સમાવેશ થાય છે. તે બન્નેનું રક્ષણ કરવામાં તેને થાક લાગતો નથી + ૨૫૫. ધર્મમાં કાંઈ દબાણ કરતો નથી. ખરેખર સત્યપંથ અસત્યપંથમાંથી જાહેર કરવામાં આવ્યો છે. પછી જે તાબુત ( સેતાન મૂર્તિ જાદુગર વિગેરે )ને માનતો નથી અને ખુદાની ઉપર ઈમાન લાવે છે તે ખરેખર મજબુત હાથાને વળગી રહ્યો છે + + + ૨૫૬

દાનદઈ દુઃખ આપવા કરતાં **માયુલ** શબ્દ અને **ક્ષમા** વધારે સારા છે, જેમ લીસા પત્થરની ધૂળ ફોરાથી ઉડી જાય છે તેમ ખોટા દાનનું ફળ ખુદાના ઈન્સાફ માં ટકી શકતું નથી + + ૨૬૪

ખુદાએ વેપારને હલાલ ને વ્યાજને હરામ કર્યું છે + + ૨૭૫

C ઇસ્માઈલ લાલાજી નુરાજી લખે છે કે મૂળ આધારભૂત તત્વ ધર્મ છે તેની ઉપર અનુક્રમે જાુથ, નીર, શેષનાગ અને ધમોડાધોરી છે (ત્યારપછી) આ ધમાડા- ધોરીના શૃંગ (શીંગડા) ઉપર રાઈ અને શઈ ઉપર સૃષ્ટિ છે ( ગુજરાતી ૪૪–૧૮ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



D પ્રાચીન ગ્રીકો અસહ્ય પાપના ભારવડે શેષનાગના કંપનથી, દેવોના ક્રોધથી અગ્નિથી કે જળથી પૃથ્વીનો નાશ ધારતા હતા. ( ભા. જ્યો. ચ. )

E એશિયાને દક્ષિણ યૂરોપમાં પ્રચલિત ચાર હજાર વર્ષ પહેલાના એશીયા માઇનરના........લોકોના મોટા સિદ્ધાંતમાં ચંદ્ર, તારા, ભૂકંપ અને પ્રચંડ અગ્નિ જ્વાલાથી પૃથ્વીનો નાશ કહેલ છે.

F ટયુટન્સના રહેવાશીઓ પૃથ્વી સમુદ્રમાં ગરક થશે એમ માનતા હતા.

G અમેરીન્ડસો અગ્નિથી પૃથ્વીનો નાશ માનતા હતા. ( ભા. જ્યો. ચં. ૬૧ )

* લોર્ડ કેલ્વીન માને છે કે ભૂમિ પ્રથમ અંગારા જેવી હતી તે પર પ્રાણીની ઉત્પત્તિને ત્રણ કરોડ વર્ષ થવાં જોઇએ ( નારાયણ પ્રા. ધ૦ )

* હોર્નીર કહે છે કે-ઇજીપ્તમાં ૧૩૦૦૦ વર્ષ પહેલાં વસ્તી હતી. તેપણ કહે છે કે વસ્તી થયાને અનંતયુગો થઇ ગયા છે ( પ્રા૦ ધ૦ ૨૩૫ ).

H પયગમ્બર મુસાના **જેનેસીસ**ના આધારે જગત્કૃત્યનાં ઘણાં વર્ષ મનાય છે.

I બ્રાઉનના **દરવિશીષ** નામે પુસ્તક પ્રમાણે મુસલમાનો પણ અનાદિ વિશ્વ માને છે ( પ્રા. ધ. ૨૨. )

J પારસીના કથન પ્રમાણે સૃષ્ટિકાર અહુરમજ્દનો માસદ **થુસો** છે (મૃ.૨૮)

K જરથોસ્તિ હિસ્તારના જણાવ્યા પ્રમાણે ઉત્પત્તિ સમય ગણના માટે આપણી પાસે શબ્દ નથી ( પ્રા. ધ. ૧ થી ૩૧ ) દેયુશો ( પારસી ) માસ સૃષ્ટિકાર અહુરમજદનો છે ( મૃગ-૨૮ )

L ચેલ્ડીયન્સના ઇતિહાસ પ્રમાણે જગતનું આદિ ક્યારે હતું તે કહેવું મુશ્કેલ છે.

M આફ્રીકાસાં વસતી જંગલી જાતિમાં એક એવી વાત ચાલે છે કે, 'ચંદ્ર અને દેડકાં વચ્ચે વાદવિવાદ ઉત્પન્ન થતાં જગત બનાવવાની ક્રિયા પૂર્ણ થઇ ગઇ, અને તે બન્નેના વિરોધના ફળરૂપે બનાવેલું જગત સર્વાંગ સંપૂર્ણ થઇ શકયું નહીં. વિવાદ થયો ચંદ્ર અને દેડકા વચ્ચે, પરંતુ તેનું ફળ ભોગવવું પડયું માણસોને. આધિ-વ્યાધ, જરા, મરણ વિગેરેએ આવી જગત ઉપર પોતાનો પ્રભાવ વિસ્તાર્યો. ચન્દ્ર અને દેડકાને સ્થાને વિદ્વાનો સ્વીકારી શકે એવા સૃષ્ટિતત્વના બે શબ્દો ઇશ્વર અને શયતાન છે. જેના વાદ વિવાદનું ફળ દુર્ભાગી મનુષ્યોને મળ્યું (ચિત્ર)

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઉપદેશક પદ.

( રાગ ) ત્રોટક.

જનમી જગમાં જનની ઉદરે, નિજ આત્મતણું નહી શ્રેય કરે,
રહી સ્વાર્થ મહીં મશગુલ ફરે, ધિક માનવી તે ખર માફક છે.
ધરે ચિત વિષયમાં નિત્ય અરે, જે અલ્પ સમયના સુખ પરે,
જેમ દીપકમાંહી પતંગ પડે, ધિક માનવી તે ખર માફક છે.
વરી વિદ્યા અને ધન મેળવ્યું તે, નહિં દાન દીધું રહી બાળવ્યું તે,
કરી કૃત્ય કુડાં અપવાદ ધરે, ધિક માનવી તે ખર માફક છે.
નિજ ધર્મ તણો નહીં ગર્વ કરે, મહાવીર તણું નહિ નામ સ્મરે,
નહિ સદ્ગુરૂ સંગમાં આવે અરે, ધિક માનવી તે ખર માફક છે,
કીધી ભક્તિ નહિ માત તાત તણી, નહિ આજ્ઞા ઉઠાવી જે પૂજ્ય ગણી;
નહિ અંશ દયા ઉરમાંહી ધરે, ધિક માનવી તે ખર માફક છે.
કરો ભક્તિ સુભાવે સુજ્ઞાની તમે, મળ્યો જન્મનું સાર્થક સાધી અને;
સ્મરો નાથ નિરંજન એકજ એ, હરો જન્મ મરણ ભય દૂર ટળે.

**હરગોવનદાસ નાગરદાસ માજની, રાધનપુર.**

# " સ્વાધ્યાય. "

જૈન-આગમ સ્વાધ્યાયને માટે ભાર દઇને જણાવે છે કે, " સ્વાધ્યાય એ મનુષ્ય-આત્માની ધાર્મિક વૃત્તિનો ઉચ્ચ વિષય છે. સ્વાધ્યાયની પ્રવૃત્તિથી મનોવૃત્તિની નિર્મલતા વધતી જાય છે. એટલુંજ નહીં પણ પરંપરાએ મનઃ સમાધિનો લાભ પૂર્ણ રીતે પ્રકાશી નીકળે છે." જ્ઞાનસાર ગ્રંથમાં પૂર્ણતાઅષ્ટકમાં જે પૂર્ણાનંદનો સ્વભાવ વર્ણન કરવામાં આવ્યો છે તે સ્વાધ્યાયથી પ્રાપ્ત થાય છે. સ્વાધ્યાયનો નિત્યાભ્યાસ મનુષ્યને ઉત્તરોત્તર જ્ઞાનની વૃદ્ધિ કરી પરબ્રહ્મમાં મગ્ન બનાવી દે છે. વૃત્તિનું સ્વરૂપ, વૃત્તિના પ્રકાર, અને વૃત્તિ શમનનો વિધિ સ્વાધ્યાયથીજ જણાઇ આવે છે. સ્વાધ્યાયના માર્ગનો પથિક બનેલો ભવ્યાત્મા પોતાના ચિત્તનો અને ચિત્તની વૃત્તિનો વિચાર કરી જોઇ સમજી શકે છે કે, કેવા ગુણનું પ્રાધાન્ય વૃત્તિમાં થઇ રહ્યું છે. એ સમજ્યા પછી તે વૃત્તિને ઉચ્ચગુણવતી કરવા અને અંતે વૃત્તિનો નિરોધ સાધવા તત્પર થઇ શકે છે. શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજીએ જ્ઞાનાષ્ટકમાં દર્શાવ્યું છે કે, " જ્ઞાન નિજભાવના લાભના સંસ્કારનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણ છે અર્થાત્ તે અનંત જ્ઞાન, દર્શન આનંદમય–આત્મસ્વરૂપની પ્રાપ્તિના સંસ્કારનું કારણ છે" એ જ્ઞાન સ્વાધ્યાયમાં જ રહેલું છે. એવો સ્વાધ્યાય કરનારો મનુષ્ય પોતાના જીવનને શાંત; અકિલષ્ટ, અને સંતોષમય કરી પરિણામે કલ્યાણ મય બનાવે છે. જો કે આવો મહાન્ લાભ સ્વાધ્યાયના સૂક્ષ્મ રૂપમાં રહ્યો છે, તથાપિ તેના સ્થૂલ રૂપમાં પણ કેટલોએક ઉચ્ચ લાભ રહેલો છે. એક મહાત્મા લખે છે કે "કદિ મનુષ્ય સ્થૂલરૂપે પણ ઉચ્ચ પ્રકારનો સ્વાધ્યાય કરે તો તે પોતાની વૃત્તિઓનો વિચાર કરી તેમને સમાવવાનો અને સમાવી ન શકાય તો તેમને ઉચ્ચતર માર્ગે વાળવાનો પ્રયત્ન કરી શકે છે."

સ્વાધ્યાયના આંતર ગુણોને માટે જૈન સૂરિવરોએ મહાન્ ઉચ્ચમત દર્શાવ્યો છે. મનુષ્યના આત્માની જે ઉચ્ચ ભાવનાઓ છે તેમની જાગ્રતિનું કારણ સ્વાધ્યાયજ છે. ઉચ્ચ ભાવનાઓની જાગ્રતિ કરવી એ સ્વાધ્યાયનો આંતર ગુણ છે. સર્વ વિરતિ ધર્મને નહીં પામેલા ભવ્યજનો પણ સ્વાધ્યાયના સેવનથી ઉચ્ચ માર્ગાનુસારી બને છે. આહાર, વિહાર, વિચાર અને સંસર્ગ તેમાં જે જે પદાર્થોનું તે સેવન કરે છે, જે જે ભાવનાનો આશ્રય કરે છે, જે જે વિચારાદિ વાંચે છે તથા શ્રવણ કરે છે, તે સર્વથી તેની વૃત્તિઓમાં અધિક–આત્મ ગુણનું આરાધન કરનારા સંસ્કારો બંધાય છે અને તે સંસ્કારો અનુકૂલતા મળતાં પ્રગટ થઈ કાર્યરૂપે જેમ જેમ પરિણામ પામે છે; તેમ તેમ તેના આચારો ઉચ્ચ થયા જ કરે છે. તેથી સ્વાધ્યાયના અભ્યાસીએ એવી ભાવનાઓ બાંધવી કે, જેથી પોતાના અંતઃકરણને ઉત્તમ સંસ્કારો પ્રાપ્ત થાય.

સ્વાધ્યાયનો અભ્યાસ વધારવાથી પ્રત્યેક જૈન વ્યક્તિ સંસારી ભાવમાં વર્ત્તમાન હોય તોપણ અનુક્રમે ઉચ્ચ કોટીમાં આવી શકે છે. કદિ કોઈ સંગને લઈને તેનામાં અમુક જાતની કુટેવ પડી ગઈ હોય તોપણ તેનાથી તે મુક્ત થઈ શકે છે. કારણ કે તેનામાં એવું મનોબળ વધે છે કે જેથી તે ઈંદ્રિયોના વેગને રોકી શકે છે સ્વાધ્યાય એક જાતનો યોગ છે. તે યોગને લઈને ચિત્ત વૃતિનો નિરોધ પણ થઈ શકે છે. શુદ્ધ હૃદયથી કરેલો સ્વાધ્યાય વૃત્તિઓને ઉચ્ચાનુગામી કરે છે, ઉચ્ચ સંસ્કારો આપે છે, અને દૈવી જીવન ગાળી શકાય તેવી પારમાર્થિક શક્તિ પ્રાપ્ત કરાવે છે."

જ્યારે હૃદય ઉપર સ્વાધ્યાયના વિચારનો પ્રકાશ પડે છે, ત્યારે તે હૃદયમાં રહેલા મલિન ભાવો સ્વતઃ દૂર થઇ જાય છે. હૃદયના મલિન ભાવો દૂર થવાથી સ્વાધ્યાયના અભ્યાસીને જે સંકોચ, ભય, ક્ષણિકતા, અને નશ્વરતા વગેરે અનિત્ય-અંશો છે, તેનો વિવેક સ્ફુરી આવે છે અને તેથી નિર્વેદ અથવા સંવેગ વૃત્તિ જાગ્રત થાય છે. જ્યારે નિર્વેદ વૃત્તિની જાગ્રતિ થઇ એટલે અંતઃકરણ શાંતિનો સ્વાદ અનુભવવા તત્પર બને છે. તેવું શાંત અંતઃકરણ પછી પ્રવૃત્તિના વેગમાં પડવાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈચ્છતું નથી, તેને લઇને ઇંદ્રિયો શમને વિરોધી એવા માર્ગમાં વલતી નથી. આથી જિતેંદ્રિયપણાનો મહાન્ ગુણ વૃદ્ધિ પામતા તે સ્વાધ્યાયી પુરૂષના શાંત હૃદયમાં આલોકથી પરલોક પર્યંતના ભોગનો ત્યાગ કરવાની ઉત્કૃષ્ટ ઇચ્છા સ્વતઃ પ્રગટે છે. સ્વાધ્યાય રૂપ અમૃતમાં મગ્ન રહેનારો ધર્મવીર પોતાના આત્મવીર્યને સારી રીતે ફોરવી પોતાના આત્માનો વિજય કરે છે. સર્વ પ્રકારની ઘટના અને સંસારનું નિદાન તેના જાણવામાં આવે છે. પુણ્ય, પાપ, રાગ, દ્વેષ, લાભ, હાનિ, ધર્મ અને અધર્મ એ સર્વનો વિસ્તાર શાથી થાય છે? એ કારણ તેની સૂક્ષ્મ બુદ્ધિની આગળ તરી વળે છે. જે કર્મો પ્રાણીઓને પોતાની જાળમાં ગુંચવી વિનાશને માર્ગે—અશ્રેયને માર્ગે તાણી જાય છે, તે કર્મોને તે સૂક્ષ્મ દૃષ્ટિથી જોઇ શકે છે. આથી તેનામાં ગૃહ, કુટુંબ, પરિવાર વગેરે સર્વ સાંસારિક ભાવો તરફ ઉપેક્ષા ઉદ્ભવે છે. તેવો સ્વાધ્યાયી વીર ખરેખરો **ધીર** બને છે. ઉત્તરોત્તર સ્વાધ્યાય ગુણને વધારનારો જૈન—અધિકારી સ્ફટિક મણિના જેવા નિર્મલ આત્મસ્વરૂપને ઓલખે છે. જગતને અંધ કરનાર મમત્વ રૂપ મોહમંત્રને તે જાણી શકે છે, સ્થિરતાની સિદ્ધિ મેળવવા માટે તે સદા ઉત્સુક રહે છે, તેની મનોવૃત્તિ પૌદ્ગલિક કથાથી અતિ દૂર રહે છે, જ્ઞાનામૃતના પરમ—આસ્વાદના આનંદમાં મગ્ન થયેલું તેનું હૃદય આ જગતના સર્વ ભાવ તરફ ઉપેક્ષાવાળું થઇ જાય છે.

જ્યારે દિવ્ય આત્માની અંદર સ્વાધ્યાયરૂપ સાગરના મોજાઓ ઉછળે છે, ત્યારે તે સ્વાધ્યાયી હૃદય પરમાનંદમાં ભળી જઈ નિર્વેદ પ્રાપ્ત કરે છે. તે નિર્વેદથી સંસારમાં મનુષ્યના મનરૂપી યંત્રમાં જે જે કમાનો ઉપર વૃત્તિઓ ફુલે છે, તે સર્વ વૃત્તિઓ ઉપશમ પામી જાય છે. અને હૃદય શાંતિના મહાસાગરમાં મગ્ન થઇ આત્મસ્વરૂપમાંજ રમણ કરે છે. એજ સ્વાધ્યાયની પરાકાષ્ટા છે. આવા સ્વાધ્યાયને માટે પ્રત્યેક જૈન વ્યક્તિએ સર્વદા પ્રયત્ન કરવો જોઈએ. સ્વાધ્યાય વિના આત્મવીર્યનો ઉલ્લાસ થતો નથી. આત્મશક્તિના અંકુરો કે જે મનુષ્યને સુખમય જીવન પ્રગટાવી શકે છે, તે અંકુરો સ્વાધ્યાય રૂપી શુદ્ધ જલના સિંચનથી બાહેર પ્રગટી નીકળે છે. અને પછી અનુક્રમે પલ્લવિત થઇ જીવનના ઉદ્દેશને સફલ કરનારા મધુરફલો આપે છે.

આ સંસાર કે જે અનેક ઉપાધિઓનું સ્થળ છે, વિવિધ વિષયોના વિકારોની ક્રીડા ભૂમિ છે, અને અખંડ સુખ દુઃખના તરંગોનો મહાસાગર છે, તેમાંથી બચવાને માટે ભગવાન્ તીર્થંકરોએ જે સાધનો પ્રરૂપ્યા છે, તે સાધનોમાં સ્વાધ્યાયનું સાધન પણ એક અદ્વિતીય માનેલું છે. નિર્લેપ, અબાધ, આનંદમય, સર્વ સમાન આત્મભાવ પ્રગટાવવાના ઉપાયો સ્વાધ્યાયને આધીન છે. એટલુંજ નહીં પણ કાવતરાં, કપટ, દુર્બુદ્ધિ—મોહ—એ બધાથી છુટી કેવળ પરમાર્થ માર્ગમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રવૃત્ત થઇ નિરંતર આનંદમાં જીવિત ગાળવાનો પરમ સંતોષ સ્વાધ્યાયનું સતત સેવન કરવાથી પ્રાપ્ત થાય છે.

જૈન મહર્ષિઓએ કેટલેક પ્રસંગે સ્વાધ્યાય ધ્યાનનું ઘણું માહાત્મ્ય દર્શાવેલું છે. સ્વાધ્યાય વિના મનુષ્યનાં હૃદય અને તેની વૃત્તિઓ સંસ્કારિત થતી નથી. સ્વાધ્યાયથી, શૂન્ય એવા હૃદયમાં સંસારની વાસનાઓ વધી જાય છે, અને તેથી બાહ્ય વિશ્વમાં રસ અને સુખ શોધવાની પ્રવૃત્તિ થાય છે; જે પ્રવૃતિ ચિત્તને વિક્ષેપની પરંપરાએ ચઢાવે છે, અને ભય, ક્રોધ, લોભ, મોહ અને કાયિક વિકાર ઉપર લક્ષ કરવાનો અભ્યાસ વધારે વધે છે. તેથી સ્વાધ્યાય એ સર્વદા આદરણીય અને આચરણીય છે. તેમાં પણ જેઓ આધુનિક પાશ્ચાત્ય કેળવણીથી આ વિશ્વના બાહ્ય સ્વરૂપ ઉપર મોહિત થઇ રહેલા છે, તેમને તો આ વિષય બહુ મનન કરવા યોગ્ય છે.

સ્વાધ્યાયના પરમ માહાત્મ્યને દર્શાવનારૂં નીચેનું પદ્ય સદા સ્મરણમાં રાખવા યોગ્ય છે.

स्वाध्याय नावमारुढाः ध्यानपाथेय संयुताः
संतरंति सुखेनैव दुस्तरं भववारिधिम् ॥ १ ॥

ધ્યાનરૂપી ભાતાને લઇ સ્વાધ્યાયરૂપી નાવમાં બેઠેલા પુરૂષો આ દુસ્તર એવા સંસારરૂપ સમુદ્રને સુખે તરી જાય છે. ૧

# ગાર્હસ્થ્ય જીવન

વિઠલદાસ. મૂ. શાહ

( ગતાંક પૃષ્ઠ ૧૪૨ થી શરૂ )

વીર વર શિવાજીની માતા જીજાબાઇ પણ આધુનિક વીર અને આદર્શ માતાઓમાં અગ્રગણ્ય ગણાય છે. પ્રારંભિક જીવનથી લઇને શિવાજીના રાજ્ય પ્રાપ્ત કરવા સુધીની સઘળી ઘટનાઓ પર વિચાર કરવાથી માલુમ પડે છે કે શિવાજીના સ્વરાજ્ય-સ્થાપનમાં ઘણું જ મોટું કાર્ય તેની માતાએ કર્યું હતું. જીજાબાઇનો પિતા જાદવરાય અહમદનગરની નિઝામશાહીનો એક માનવંતા સરદાર હતો. તેમને નિઝામશાહી તરફથી ઘણાજ પૈસા તેમજ મોટી જાગીર મળી હતી. શાહી દરબારમાં તેનું ઘણું ચાલતું હતું. તાત્પર્ય એછે કે તેમના વૈભવ તથા માન તો ઘણાં વધારે હતાં, પરંતુ એ સઘળું મુસલમાનોનાજ પ્રસાદનું ફળ હતું. તે સમયે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માલોજી નામનો એક સજ્જન પોતાના ભાઇની સાથે આવી તેમને ત્યાંજ રહ્યો. એ હતો તો બહુ દરિદ્ર, પરંતુ ઉચ્ચ કુળનો, સુશીલ અને સારો યોધ્ધો હતો. ત્યાં આગળ તેને શરૂઆતમાં તો સામાન્ય નોકરી મળી પરંતુ પાછળથી પોતાના ગુણોને લઇને અને જાદવરાયની મહેરબાનીથી શાહી લશ્કરમાં તેને એક સારી જગ્યા મળી ગઇ પરંતુ તે સમયે પણ તે જાદવરાયને પહેલા જેમજ ગણતો હતો. તેને એકે પુત્ર ન હોતો, તેટલા માટે તેણે એક માનતા માની ત્યાર પછી તેને બે પુત્રો થયા જેમાંના એકનું નામ શાહજી તથા બીજાનું નામ શરીફજી રાખવામાં આવ્યું. જ્યારે તેઓ ચારપાંચ વર્ષના થયા ત્યારે જાદવરાયને ત્યાં તેની ત્રણ વર્ષની પુત્રી જીજાની સાથે રમવા માટે જતા આવતા હતા. એક દિવસે એક ઉત્સવ સમયે જાદવરાયને ત્યાં ઘણા લોકો આવ્યા હતા. તે સમયે શાહજી અને જીજાને ભેગાં રમતાં જોઇને સહુની સમક્ષ જાદવરાયથી બોલી જવાયું કે "વાહ, કેવી સારી જોડી છે ?" સર્વ લોકોએ કહ્યું કે "હા, હા, શું વાત છે ?" તે ઉપરથી માલોજીએ સર્વ લોકોને કહ્યું કેઆપ સૌ સાક્ષી રહેજો, જાદવરાયજી આજથી અમારા સંબંધી થયા છે. બીજે દિવસે જ્યારે જાદવરાવે માલોજીને ત્યાં ભોજનનું નિમંત્રણ મોકલ્યું ત્યારે તેણે કહી દીધું કે હવે તો અમે અમારા પુત્રના વિવાહ સમયેજ તમારે ત્યાં ભોજન કરશું. તે જવાબથી જાદવરાય તેમજ તેની સ્ત્રી અત્યંત નારાજ થયા. ક્યાં જાદવરાય એક મહાન સરદાર અને ક્યાં માલોજી તેની નીચેનો એક સામાન્ય નોકર ? તરતજ જાદવરાયે તેને નોકરીમાંથી રદ કર્યો. લાચાર બનીને માલોજી પોતાને ઘરે ચાલ્યો ગયો અને ત્યાં જઇને વહેલાંની માફક ખેતી કરવા લાગ્યો.

માલોજીએ જાદવરાવની સમક્ષ પ્રતિજ્ઞા કરી હતી કે "જો હું જીજાને શાહજીની વહુ ન બનાવું તો મારૂં નામ માલોજી નહિ. હું વીરવર હમ્મીર અને પ્રતાપનો વંશજ છું. તમને મારી કુલીનતા સારી રીતે બતાવી આપીશ" જાદવરાય માલોજીને દરિદ્ર સમજતો હતો તેથી તેની સાથે પોતાની કન્યાનો વિવાહ કરવાનું ઠીક લાગતું નહોતું. એ સમયે પરમેશ્વરે માલોજીને સહાય કરી અને તેને જમીનમાં દાટેલું ઘણું દ્રવ્ય મળી ગયું. તે દ્રવ્ય વડે તેણે ત્રણ હજાર ઘોડેસ્વાર નોકર રાખ્યા અને દાન—પુણ્ય કરીને સારી ખ્યાતિ મેળવી. તે પછી દોલતાબાદ જઇને તેણે ગમે તેમ કરીને બાદશાહને કાને પોતાની ફરિયાદ પહોંચાડી. એ સમયે મોગલોનાં આક્રમણથી દક્ષિણના ઘણાંખરાં રાજ્યો દુર્બલ બની ગયાં હતાં. એટલા માટે બાદશાહે માલોજી અને તેના ભાઇને પોતાની પાસે રાખીને માલોજીને રાજાની ઉપાધિ આપી અને શિવનેરી તથા ચાકનના કિલ્લા તથા તેની આસપાસનો પ્રદેશ જાગીર તરીકે આપી દીધા. આ ઘટના સને ૧૬૦૪ ના માર્ચ માસની છે. '

હવે જાદવરાવ પોતાની કન્યાનો વિવાહ શાહજીની સાથે ઇન્કાર ન કરી શક્યો અને બાદશાહની સમક્ષ બન્નેનો વિવાહ કરી દીધો. ત્યારે બાદશાહે તેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુયોગ્ય પુત્ર શાહજીને તેનો ઇલ્કાબ આપ્યો. અનેક પ્રસંગે શાહજીએ પોતાની યોગ્યતાનો અને શૂરતાનો સારો પરિચય આપ્યો હતો. ૧૬૨૦ માં જહાંગીરે પોતાના પુત્ર શાહજહાનને મોટા લશ્કર સહિત દક્ષિણનાં રાજ્યો ઉપર આક્રમણ કરવા માટે મોકલ્યો. એ સમયે શાહજીએ મલિકઅંબરની વતી મોગલોની સાથે ઘણીજ વીરતા પૂર્વક યુદ્ધ કરીને તેને પરાસ્ત કર્યો. તે સમયે મોગલોએ જાદવરાવને ઘણુંજ દ્રવ્ય આપીને પોતાના પક્ષમાં મેળવી લીધો. શાહજીને પણ તેઓએ પોતાના પક્ષમાં લેવા ઇચ્છયું, પણ તે તેઓની લાલચમાં સપડાયો નહિ. પરંતુ એ સમય સુધી મલિકઅંબરનો પક્ષ ઘણોજ નિર્બળ થઇ ગયો હતો, એટલા માટે તેને મોગલોની સાથે સંધિ કરવી પડી.

૧૬૨૭ માં મલિક અંબરનો શરીરાંત થઇ ગયો અને નીઝામશાહીમાં કેવળ શાહજી જ રહ્યો. અને નીઝામશાહની સાથે માહલીના કિલ્લામાં હતો. તે વખતે શાહજહાન તરફથી જાદવરાવે તે કિલ્લા પર આક્રમણ કર્યું. શાહજીએ છ માસ સુધી તો ધીરજથી લડ્યા કર્યું. પરંતુ લાચાર બનીને છેવટે એક દિવસે શાહજી શત્રુઓને મારતો મારતો કિલ્લામાંથી ચાલી નીકળ્યો. તે સમયે જીજાબાઇ પણ તેની સાથે જ હતી અને ચાર વર્ષની ઉમરનો પુત્ર સંભાજી પણ સાથે જ હતો. તે સિવાય તે વખતે જીજાબાઇને સાત માસનો ગર્ભ હતા. જાદવરાવ તેઓની પાછળ પડ્યો. સગર્ભાવસ્થામાં જીજાબાઇને ઘોડેસ્વાર થઇ દોડવામાં અત્યંત કષ્ટ થતું હતું, એટલા માટે શાહજીએ તેને શીવનેરીના કિલ્લામાં પોતાના મિત્ર શ્રીનિવાસરાવની પાસે મૂકી દીધી અને પોતે આગળ ચાલતો થયો. પાછળથી જાદવરાવ કિલ્લામાં જઇને પોતાની પુત્રી જીજાબાઇને મળ્યો. તેણે જીજાને પોતાની સાથે લેવાનું ઇચ્છયું; પરંતુ એ દેવીએ પોતાના પતિ સાથે વૈર કરનાર પિતાને ઘરે જવાની ના પાડી. ત્યાં રહેવાથી જીજાબાઇ ઉપર અનેક પ્રકારની આપત્તિઓ પડવાનો સંભવ હતો; પરંતુ તેણે પિતાને ઘરે જવાનો સ્વીકાર કર્યો નહિ. એટલુંજ નહિ પરંતુ તે ફરિ વાર કદિ પણ પોતાના પિતાને ઘરે ગઇ જ નહિ.

જાદવરાવે ફરી નિઝામશાહના પક્ષમાં ભળવા ઇચ્છયું. તેને દોલતાબાદના કિલ્લામાં બોલાવી તેને અને તેના પુત્રને મારી નાંખ્યા. જ્યારે નિઝામશાહે પોતે શાહજીને પોતાની પાસે બોલાવવાનું ઇચ્છયું ત્યારે પોતાના શ્વશુરની સ્થિતિનું સ્મરણ કરીને તેણે તેની પાસે જવાનું સ્વીકાર્યું નહિ અને મોગલોનો પક્ષ ગ્રહણ કર્યો. પરંતુ જ્યારે ૧૬૩૩ માં નિઝામશાહીનો અંત આવી ગયો. ત્યારે શાહજી સ્વતંત્ર થઇ ગયો અને મોગલો પર જ હુમલો કરવા લાગ્યો. તેનું દમન કરવાના હેતુથી મહોબતખાંએ જીજાબાઇને પોતાની પાસે પકડી મંગાવી. તે સમયે તેની ગોદમાં નવજાત શિવાજી પણ હતો. આ રીતે શિવાજીએ પહેલવહેલાં જ પોતાની માતાની સાથે મોગલોની કેદ ભોગવી. મોગલોની સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એના વેરનો આરંભ અહિંથી જ થાય છે. આ વખતે શંભાજી શાહજીની સાથે હતો.

બીજી બાજુએ શાહજીએ નિઝામશાહીના કુટુંબના દશ વરસના એક છોકરાને ગાદીપર બેસાડીને ફરી વખત બાદશાહી સ્થાપવાનો પ્રયત્ન કર્યો. બે વખત મોગલોની વિશાળ સેનાએ એના ઉપર આક્રમણ કર્યું, પરંતુ બન્ને વખત તેણે ઘણી જ વીરતાપૂર્વક તેઓને પરાસ્ત કર્યા. અંતે શાહજહાન પોતે એક મોટું લશ્કર લઇને દક્ષિણમાં ગયો. શાહજીએ તે લશ્કરની પણ ઘણી દુર્દશા કરી. ત્યારે લાચાર બનીને શાહજહાને તેના સહાયક બીજાપુરના આદિલશાહને પોતાના પક્ષમાં લઇ લીધો. એ રીતે ૧૬૩૭ ની સાલમાં નિઝામશાહીનો સદાને માટે અંત આવી ગયો. આદિલશાહ અને શાહજહાનની વચ્ચે સન્ધિ થઇ અને શાહજી બીજાપુરમાં આદિલશાહના દરબારમાં રહેવા લાગ્યો. બીજાપુર દરબારમાં એનું સન્માન પણ બહુ થયું.

જે વખતે જીજાબાઇ શીવનેરીના કિલ્લામાં હતી તે વખતે ૧૬૨૭ ના એપ્રીલ માસની ૧૦ મી તારીખે શિવાજીનો જન્મ થયો હતો. એ ઉપરાંત ત્રણવર્ષ સુધી તે ત્યાંજ રહી, પરંતુ એ ત્રણે વર્ષ પણ ઘણી જ મુશ્કેલીથી વીત્યાં. એ પછી સાત વર્ષ સુધી તેને બીજી પણ અનેક મુશ્કેલીઓ સહન કરવી પડી. કોઇ વખત આ કિલ્લામાં તો કોઇ વખત તે કિલ્લામાં એમ તેને એક જગ્યાથી બીજી જગ્યાએ ભાગવું પડતું હતું. અનેક જાતની વિપત્તિઓ સહન કરતાં કરતાં એણે દશ વર્ષ વીતાવ્યા, પરંતુ તે પોતાના પિતાને ત્યાં કદિ પણ નજ ગઇ. એ વિપત્તિ કાળમાં પણ તે શિવાજીના શિક્ષણ વિગેરે ઉપર પુરેપુરૂં ધ્યાન રાખતી હતી. તેણે પોતાના પુત્રને તે વિષમ અવસ્થામાં વાંચવા લખવાનું, ઘોડાપર બેસવાનું, તીર તથા બન્દુક ચલાવવાનું વિગેરે સઘળી આવશ્યક બાબતોનું ઘણું જ શિક્ષણ આપ્યું હતું. શિવાજી મહારાજને બધું શિક્ષણ પોતાની માતા તરફથી જ મળ્યું હતું એ વાતમાં જરાપણ સન્દેહ નથી.

૧૬૩૭ની સાલમાં શાહજી પોતાની સાથે પોતાના સ્ત્રી-પુત્રને બીજાપુર લઇ ગયો અને ત્યાંથી તે બન્નેને પોતાના વિશ્વસનીય સેવક દાદાજી કોંડદેવની સાથે પૂને મોકલી દીધા. ત્યાં પણ જીજાબાઇએ પોતે હંમેશાં શિવાજીને અનેક જાતની ઉપયોગી બાબતોનું શિક્ષણ આપવાનું ચાલુ રાખ્યું હતું, જેને લઇને તેના ગુણોનો સારો વિકાસ થયો. તેર ચૌદ વર્ષની અવસ્થા સુધીમાં તો કેવળ માતાની કૃપાથી જ તેનામાં સમસ્ત ક્ષત્રિયોચિત ગુણો પૂર્ણ રૂપે આવી ગયા. તેને શારીરિક, નૈતિક તેમજ ધાર્મિક ત્રણેનું અત્યંત ઉચ્ચ કોટિનું શિક્ષણ મળ્યું. આવા શિક્ષણનું પરિણામ એવું સરસ આવ્યું કે શિવા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીમાં કોઈ પણ પ્રકારનો દુર્ગુણ, દુર્વિચાર અથવા દુર્વ્યસન પ્રવેશી શકયાં નહિ. દાદાજી કોંડદેવ સાધારણ રીતે સારો રાજનીતિજ્ઞ પણ હતો જેને લઇને શીવાજીને રાજકીય બાબતોનું પણ ઘણું સારૂં જ્ઞાન થયું. પરંતુ દાદાજી જૂની ઢબનો માણસ હતો. તેની ઉચ્ચાકાંક્ષા સરદારીથી આગળ જઇ શકતી નહોતી. શિવાજીનાં હૃદયમાં સ્વતંત્રતા અને સ્વરાજ્ય સ્થાપનનો વિચાર તેની માતાએજ ઉત્પન્ન અને દૃઢ કર્યો હતો. શાહજી પણ સ્વતંત્રતા અને સ્વરાજ્યનો પક્ષપાતી હતો, પરંતુ અનેક કારણોને લઇને તે પ્રકટપણે તેને માટે પ્રયત્ન કરી શકતો નહોતો. શિવાજીએ બાલ્યાવસ્થાથી અનેક પ્રકારની મુશ્કેલીયો ભોગવી હતી. અને તે સમયે જીજાબાઇયે અતિ ઉચ્ચ કોટિના ધૈર્ય તેમજ મનોનિગ્રહનો પરિચય કરાવ્યો હતો. તે ઉપરાંત જ્યારે જીજાબાઇએ જોયું કે દશ વર્ષ સુધી અનેક પ્રકારના પરિશ્રમ કરવા છતાં અને મુશ્કેલીઓ સહન કરવા છતાં પણ શાહજીને વીજાપુર દરબારની નોકરી કરવી પડે છે ત્યારે તેને બરાબર સમજાયું કે સ્વતંત્રતા વગર સઘળું પરાક્રમ ફોકટ છે. શિવાજી ઉપર એ સર્વ વાતો અને વિચારોનો ઘણોજ વિલક્ષણ પ્રભાવ પડ્યો અને તેણે સ્વરાજ્ય તથા સ્વતંત્રતા સ્થાપવા માટે ઉદ્યોગ આરંભી દીધો. પરિસ્થિતિ, સંજોગો વિગેરે જોઇને શાહજીએ અનેક વખત જીજાબાઇ તથા શિવાજીને સમજાવ્યા કર્યું, પરંતુ તેઓએ સ્વરાજ્ય માટેનો પ્રયત્ન તજ્યો નહિ. ૧૬૪૪ થી ૧૬૭૪ સુધી શિવાજીએ સ્વરાજ્ય સ્થાપનને અર્થે જે જે કષ્ટસાધ્ય કાર્યો કર્યાં છે તેના સવિસ્તર વર્ણનથી ઇતિહાસના પાનાં ભર્યાં છે. એ સર્વ કાર્યોમાં તેને હમેશાં પોતાની માતા તરફથી જ સંમતિ અને સહાયતા મળતી રહેતી હતી. જીજાબાઇજ તેને ઉત્સાહિત કરતી અને કર્તવ્ય દિશા સૂચવતી એ વિચારશીલ અને સમજુ માતાએ પોતાના પુત્રની કર્તવ્યનિષ્ટા જોઇને તેના નશ્વર શરીરનો સ્વાભાવિક મોહ તજી દીધો અને કેવળ તેની કીર્તિ તથા દેશના કલ્યાણ ઉપર જ ધ્યાન રાખ્યું. વીજાપુર વાળાએ શિવાજીનો પ્રયત્ન રોકવા માટે શાહજી પાસે તેના ઉપર એક પત્ર લખાવ્યો હતો. તે પત્રના જવાબમાં શિવાજીએ લખ્યું હતું કે "જે માર્ગ લીધો છે તે હવે છોડી શકાય તેમ નથી. આગળ ઉપર તો પ્રભુ જે કરે તે ખરૂં." જો જીજાબાઇ દેશના કલ્યાણ અર્થે પોતાના અનેક સ્વાર્થનો ત્યાગ કરવા તૈયાર ન હોત તો એ વાત સ્પષ્ટ છે કે શિવાજી કદિપણ આવો ઉત્તર લખી શકયો ન હોત. એવી અવસ્થામાં જ્યારે તે માતા પુત્રના કાર્યોને લઇને શાહજીને બીજાપુરમાં અનેક જાતનાં કષ્ટ ભોગવવાં પડતાં હતા; ઉકત જવાબ બતાવી આપે છે કે તે લોકો દેશસેવાને જ પોતાનો મુખ્યધર્મ સમજતા હતા. જીજાબાઇની પતિનિષ્ટામાં પણ કશા સંદેહને અવકાશ નથી, કેમકે તે પોતાના પતિની પાછળ પડનાર પિતાને ઘરે કદિ પણ નથી ગઇ. શિવાજીની પિતૃભક્તિમાં પણ સંદેહને અવકાશ નથી, કેમકે અનેક ઉપાયો યોજીને અને ભારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુશ્કેલીઓ સહન કરીને પાછળથી તેણે પોતાના પિતાને પણ બીજાપુરના કબજામાંથી છોડાવ્યા હતા, તે ઉપરાંત શિવાજીએ અનેકવાર શાહજીને કહ્યું હતું કે "હું જે કાંઇ કરી શકું છું તે આપના પ્રસાદનો જ પરિપાક છે હું તો આપની આધીનતામાં રહીને જ મારાં કર્તવ્યોનું પાલન કરીશ." પોતાના પિતાજીના મૃત્યુ વખતે તેને અત્યંત દુ:ખ થયું હતું અને એ વખતે જીજાબાઇ સતી થવા પણ તૈયાર થઇ હતી. આ સર્વ વાતોથી જીજાબાઇની પતિભકિત અને શિવાજીની પિતૃભકિત સ્પષ્ટ સિદ્ધ થાય છે. પરંતુ ઉકત ઉત્તર ઉપરથી એટલું પણ સૂચિત થાય છે કે તે સાથે સ્વદેશહિતની ભાવના બન્નેનાં હૃદયમાં બહુજ જોશથી જાગૃત થઇ હતી. માતાની સહાયતા અને સંમતિથી શિવાજીએ છેવટે સ્વરાજ્ય સ્થાપન કર્યું અને ૧૬૮૪માં સોળમી જુનને દિવસે મહાન સમારોહ પૂર્વક તેનો રાજ્યાભિષેક પણ કરવામાં આવ્યો. જીજાબાઇનો જીવન-મનોરથ પૂર્ણ થયો એ સાથેજ તેના શરીરનો અંત આવ્યો. શિવાજી તથા જીજાબાઇમાં જીવનની ઘટનાઓ ઉપરથી આપણને એટલું ભાન થઇ શકે એમ છે છે કે પ્રતિકૂળ સ્થિતિને અનુકુળ બનાવવામાં તેમજ પોતાનો ઉદ્દેશ સિદ્ધ કરવામાં કેટલાં સાહસ, ઉદ્યોગ, નિશ્ચય અને સ્વાર્થ ભોગની આવશ્યકતા રહેલી છે. સઘળા પ્રચંડ ઉદ્યોગનાં જન્મથી માંડીને કાર્યસિદ્ધિના સમય સુધી શીવાજીને સર્વ શિક્ષણ સહાયતા, સંમતિ અને અને ઉત્તેજન પોતાની માતા જીજાબાઇ તરફથી જ મળ્યાં હતાં. તેના હૃદયમાં સ્વધર્મ, સ્વદેશ અને સ્વરાજ્ય સંબંધી આવું અભિમાન અને આટલા ઉચ્ચ વિચારો તેની માતાએ જ ઉત્પન્ન કર્યા હતા. (ચાલુ).

# વિક્રમરાજાની પરોપકાર વૃત્તિ.

મહાન વિક્રમ રાજા ભારતવર્ષમાં પ્રખ્યાત થઇ ગયેલા છે. તેમના અનેક ચરિત્રો સમર્થ કવિઓએ પોતાની પ્રતિભાશક્તિથી વર્ણવેલા છે. ભારતવાસી આર્યરાજાઓમાં અર્વાચીન કાલના એ રાજાએ જે કીર્ત્તિ મેળવી છે, તે શરદૃઋતુની પૂર્ણિમાની ચંદ્રિકાની જેમ પ્રકાશિત થઇ અદ્યાપિ સ્થિર રહેલી છે. સમર્થ વિક્રમ રાજાએ પોતાના જીવનમાં અનેક ગુણો મેળવ્યા હતા. અને તે ગુણોથી તે મહારાજા આખા ભારતવર્ષમાં પ્રખ્યાતિ પામી ગયો છે અને તે વિક્રમાર્કના નામથી જગજાહેર થયો છે. ભારતની આબાલ વૃદ્ધ સર્વ ધર્મની પ્રજા તે મહારાજાના ચરિત્રોની અનેક વાતો કરે છે અને પ્રાત:કાલમાં પ્રભુના નામ પછી તેના પવિત્ર નામનું સ્મરણ કરે છે.

નરપતિ શિરોમણિ વિક્રમરાજામાં બીજા ઘણાં ઉત્તમ ગુણો હતા, પણ તે સ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર્વથી પરોપકારવૃત્તિનો મહાન્ ગુણ તેનામાં વિશેષ પ્રકાશિત હતો. એ ઉત્તમ ગુણના સુવાસથી તે વિશેષ લોકપ્રિય થયો હતો. તે મહારાજાના પરોપકાર વૃત્તિના ગુણને માટે મહોપાધ્યાય શ્રી જિનમંડન ગણીએ એક લેખ લખેલો છે, અને તેમાં તેના એ મહાન્ ગુણનું એવું ઉત્તમ સ્વરૂપ બતાવ્યું છે કે, જે પ્રસિદ્ધ કરવા યોગ્ય હોવાથી અહીં આપવું યોગ્ય ધારીએ છીએ.

"વિક્રમરાજા એક વખતે એકાકી અશ્વ ઉપર બેસી ફરવા ગયો હતો. કેટલીક વાર ફર્યા પછી તે મહારાજા પોતાની રાજધાની તરફ પાછો ફર્યો. નગરના સીમાડામાં આવતાં એક દરિદ્રી પુરૂષને દાણા વિણતો જોયો. તે પુરૂષ શરીરે દુર્બલ હતો, તેના શરીર ઉપર ફાટલ તુટલ વસ્ત્રો ધરેલાં હતાં. તેને જોઇ પરોપકારી રાજાના મનમાં દયા ઉત્પન્ન થઇ આવી તોપણ તેણે વિચાર્યું કે, આ પુરૂષ કોઈ પોતાનું ભરણપોષણ કરવામાં અસમર્થ લાગે છે. તેને ઉદ્દેશી રાજા નીચે પ્રમાણે ગાથા બોલ્યો.

" नियं उयर पूरणे विहु असमथ्था किमिह तेहिं जाएहिं ।

જે પુરૂષો પોતાનું પેટ ભરવાને અસમર્થ છે, તેઓ આ જગતમાં જન્મ્યા શા કામના ? આ અર્ધ ગાથા સાંભળી તે દરિદ્રી પુરૂષ તેના ઉત્તરાર્દ્ધ રૂપે નીચેની અર્ધ ગાથા બોલ્યો.

" सु समथ्था विहु न परोवयारिणो तेहिं विन किंपि " ॥ १ ॥

" જે પુરૂષો પોતે તે સારી રીતે સમર્થ હોય તે છતાં પરોપકારી ન હોય તે પણ શા કામના ? " ૧

આ ઉત્તર સાંભળતાં જ મહારાજા ખુશી થઇ ગયો અને તેણે તે દરિદ્રીને બોલાવી પોતાની સાથે લીધો અને તેને બે કરોડ સુવર્ણ અને સો હાથી અર્પણ કર્યા અને તે દરિદ્રીના દારિદ્રયને મૂલમાંથી છેદી નાંખ્યું.

ત્યારથી મહારાજાએ નિશ્ચય કર્યો કે, પરોપકાર વૃત્તિના જેવો કોઇ મહાન્ ગુણ નથી. આ દરિદ્રીએ મને ખરેખરો બોધ આપ્યો છે. આ ઉત્તમ બોધ હું મારા હૃદયમાં યાવજ્જીવિત ધારણ કરીશ અને મારા રાજ અને જીવનને પરોપકાર વૃત્તિથી સફળ કરીશ.

એક વખતે વિક્રમરાજા વનમાં ફરવા ગયો હતો, ત્યાં કોઇ વિદ્વાન તે સ્થળે ફરતા એક મૃગને જોઇ નીચે પ્રમાણે શ્લોક બોલ્યો.—

" येषां न विद्या न तपो न दानं न चापि शीलं न परोपकारः।
ते मृत्युलोके भुवि भारभुता मनुष्यरूपेण मृगाश्चरन्ति ॥ १ ॥ "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે પુરૂષોમાં વિદ્યા, તપ, દાન, શીલ અને પરોપકાર નથી, તે પુરૂષો આ મનુષ્ય લોકમાં પૃથ્વીને ભારરૂપ થઈ મનુષ્યરૂપે મૃગલા થઈ ફરે છે ”

આ શ્લોક સાંભળતાં જ તે મૃગ કે જે પૂર્વનો કોઇ ઉત્તમ જીવ હતો, તે મનુષ્યવાણીથી તેના ઉત્તરરૂપે નીચેનો શ્લોક બોલ્યો—

“ स्वरे शीर्षं जने मांसं त्वचं च ब्रह्मचारिषु ।
श्रृंगं योगीश्वरे दद्यान्मृगः स्त्रीषु स्वलोचने ॥ १ ॥ ”

મૃગ કહે છે— અમે [1]સ્વર સાંભળવામાં મસ્તક આપીએ છીએ; માંસાહારી લોકોને અમારૂં માંસ આપીએ છીએ, બ્રહ્મચારીઓને ત્વચા (મૃગચર્મ) આપીએ છીએ, યોગીઓને શીંગડું આપીએ છીએ અને સ્ત્રીઓને અમારા લોચન આપીએ છીએ, જે ઉપરથી સ્ત્રીઓ મૃગાક્ષી અને મૃગલોચના કહેવાય છે ”

આ ઉપરથી મૃગે સૂચવ્યું કે, અમે પૂર્ણ રીતે પરોપકારી છીએ જેથી નિરૂપકારી મનુષ્યોને અમારી મૃગની ઉપમા શામાટે આપો છો ? અમારૂં સર્વ શરીર પરોપકારમાં જ અર્પણ થાય છે.

મૃગનો ઉત્તર સાંભળી પેલો વિદ્વાન પ્રસન્ન થઈ મૃગની ક્ષમા માગીને ચાલ્યો ગયો.

રાજા વિક્રમ આ દેખાવ જોઈ ગયો અને તે પોતાના પરોપકારની વૃત્તિમાં વિશેષ દૃઢ થઇ ગયો. તે પછી મહારાજા ઉપકાર ગુણની ભાવના ભાવતો આગળ ચાલ્યો. ત્યાં એક જલથી પૂર્ણ ભરેલી નદી જોવામાં આવી તે નદીના તીર ઉપર તે ઉભો રહ્યો, તેવામાં કોઈ બ્રાહ્મણને નદીના પૂરમાં તણાઇ જતો જોયો, તેને જોતાંજ પરોપકારમાં રસિક એવો રાજા શૌર્યથી અંદર પડી તે બ્રાહ્મણને બહાર કાઢયો. બ્રાહ્મણ રાજાના તે ઉપકારનો આભાર માની સુખે ચાલ્યો ગયો અને પછી રાજા વિક્રમ પોતાની રાજધાનીમાં આવ્યો હતો.

મહારાજા વિક્રમે જેને જીવિતદાનનો મહાન ઉપકાર કરેલો છે એવા તે બ્રાહ્મણનાં હૃદયમાં તે ઉપકારનો બદલો વાળવાની ઈચ્છા થઈ અને આથી તેણે શ્રીગિરિપર્વત ઉપર જઈ કોઇ દેવતાની આરાધના કરવા માંડી. દેવતાએ પ્રસન્ન થઇને તે બ્રાહ્મણને કલ્પલતા જેવી કૃષ્ણચિત્રવલ્લી આપી. ઉપકારનો બદલો વાળવાની ઇચ્છા રાખનારા બ્રાહ્મણે તે વલ્લી વિક્રમરાજાને અર્પણ કરી. એક વખતે રાજા તે ચિત્રવલ્લી લઈ ફરવા નીકળ્યો તેવામાં એક દરિદ્રી પુરૂષ જોવામાં આવ્યો; એટલે ઉપકારી વિક્રમને વિચાર થયો કે, “ મારે પૂર્વના પુણ્યથી રાજ્યની મહાન સમૃદ્ધિ પ્રાપ્ત થઈ છે, તો મારે ચિત્રવલ્લી શા કામની છે માટે આ વલ્લી

[1] પારધિઓ મધુર સ્વરનાં વાજાં વગાડી મૃગને આકર્ષી પછી તેનો શિકાર કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો આ દરિદ્રી બ્રાહ્મણને આપી હોય તો તેનું દુઃખ દૂર થઇ જશે” આવો વિચાર કરી રાજાએ તે દરિદ્રી પુરૂષને ચિત્રવલ્લી આપી દીધી. દરિદ્રી પુરૂષ તે કૃષ્ણચિત્રવલ્લીને ઓળખી ઘણો પ્રસન્ન થઇ ગયો અને તેજ વખતે નીચે પ્રમાણે શ્લોક બોલ્યો—

“ यो दुर्लभां कृष्णचित्रवल्लीं, ददौ दरिद्राय दयार्द्रचित्तः ।
कस्तेन तुल्यो भुवि विक्रमार्क, त्वयापरः स्यात्प्रवपरोपकारे ॥१॥ ”

“ હે વિક્રમાર્કરાજા, જે તમે દયાથી ચિત્તને આર્દ્ર કરી દુર્લભ એવી કૃષ્ણચિત્રકવલ્લી મારા જેવા દરિદ્રીને આપી દીધી, તેથી આ પૃથ્વીમાં પરોપકાર કરવાને વિષે તારા જેવો બીજો કોણ છે ? ૧

આ શ્લોક સાંભળી હૃદયમાં પ્રસન્ન થતો તે પોતાની રાજધાનીમાં આવ્યો. પાછળથી તેના મંત્રીઓના જાણવામાં આવ્યું કે રાજા વિક્રમે દુર્લભ એવી ચિત્રવલ્લી કોઇ દરિદ્રી પુરૂષને આપી દીધી છે. આથી તે મંત્રીઓ મહારાજને કહેવા આવ્યા કે, રાજેંદ્ર, આપે ચિત્રવલ્લી જેવી દુર્લભ વસ્તુ એક દરિદ્રી ને આપી દીધી, તે ભૂલ કરી છે. એવી ઉત્તમ વસ્તુ એક સાધારણ માણસને આપી દેવી, તે ઘટિત કહેવાય નહીં. ”

મંત્રિઓનાં આવાં વચન સાંભળી મહારાજા વિક્રમે ગંભીરતાથી જણાવ્યું, “ મંત્રીઓ, તમારાં આ વચનો સાંભળી મને ખેદ અને આશ્ચર્ય થાય છે. તમે વિદ્વાન થઇને મુખમાંથી આવા શબ્દો ઉચ્ચારો, એ તમારી વિદ્વત્તાને કલંકિત કરે છે. ધર્મ અને નીતિના શાસ્ત્રોમાં ઉપકાર વૃત્તિ એ મોટામાં મોટો ગુણ છે. પરોપકાર વૃત્તિના જેવો બીજો ગુણ ચડીઆતો નથી. મેં મારા હૃદય સાથે નિશ્ચય કર્યો છે કે રાજ્ય જાય, વૈભવ જાય, અને પ્રાણ જાય તો પણ પરોપકાર કરવો. પરોપકારની આગળ રાજ્ય, વૈભવ કે પ્રાણ કાંઇપણ હિસાબમાં નથી. સાહિત્યમાં ઉપકાર ધર્મને માટે જે મારા જાણવામાં આવ્યું છે, તે મારા હૃદયની સાથે સંલગ્ન થઇ ગયું છે. પરોપકારને માટે કદિ મસ્તક આપવું પડે તો પણ કુરબાન છે, તો પછી કૃષ્ણચિત્રવલ્લી શી વસ્તુ છે ? પરોપકાર કરવામાં જ્યારે શરીરની દરકાર કરવાની નથી તો પછી દુઃખી જનને બીજા પદાર્થો આપવા, એમાં કાંઈ વિશેષ નથી. પરોપકારને માટે મેં દરિદ્રી અને દુઃખી જનને જે કૃષ્ણચિત્રવલ્લી આપી છે, તેમાંથી મને પુણ્યનો પરમ લાભ પ્રાપ્ત થશે અને તે દુઃખીના હૃદયની આશીષથી મને મારા જીવનમાં કલ્યાણની પરંપરા થયા કરશે. મંત્રિઓ, આ જગતમાં કેટલાએક અચેતન પદાર્થો દુઃખ ભોગવી પરોપકાર કરે છે, તો પછી સચેતનની શી વાત કરવી ? સચેતન પ્રાણીઓએ તો પરોપકાર કરવો જોઇએ. તે ઉપર એક વિદ્વાન પુરૂષે મને મૃત્તિકાનો દાખલો આપ્યો છે, તે તમારે સાવધાન થઇને સાંભળવા જેવો છે. જેમકે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



स्थानभ्रंश खराधिरोपणशिर श्रिक्खिल्लसंधारण—
शुष्य त्पांशु निवेश पाद हनन क्लेश भ्रमाद्याः क्रियाः ।
धात्रा यद्यपि चक्रिरे मृदि तथाप्युर्वी भवत्वादिपं
पात्रीभूय परोपकार कतिभूर्युक्तं कुलीने ह्यदः ॥ १ ॥

"મૃત્તિકાને પ્રથમ તેના સ્થાનમાંથી ભ્રષ્ટ કરે છે. પછી તેને ખર (ગધેડા) ઉપર ચડાવે છે, પછી માથે કચરો કરી ચીકણી બનાવે છે, પછી સૂકવી ધુળની સાથે મેળવી પગના ઘાથી તેને હણે છે અને પછી ચાકડે ચડાવી ભમાવે છે, ઈત્યાદિ ક્રિયાઓ પ્રજાપતિ (કુંભાર) તરફથી કરવામાં આવે છે, તોપણ તે ઉર્વી–મોટી પૃથ્વીમાંથી પેદા થયેલ છે, તેથી પાત્ર રૂપ બની પરોપકારની કૃતિ બને છે, તેથી કુલીન (કુલવાન અને કુ–પૃથ્વીમાં લીન) એવી મૃત્તિકાને એ વાત ઘટે છે. ?"

મંત્રિઓ. એ અચેતન એવી મૃત્તિકાને કેટલો ધન્યવાદ ઘટે છે? તેણે પરોપકાર કરવાને માટે કેવાં દુઃખ સહન કર્યાં છે? તેવીજ રીતે એક કપાસનો દાખલો છે. એક વિદ્વાન કવિએ મને તે વિષેનો નીચેનો શ્લોક કહેલો છે.

" धूलिक्षेपनखक्षतातुलतुलारोहावरोहस्फुर—
लोहोद्घट्टनपिंजनादिविविधक्लेशान् सहित्वान्वहम्
जज्ञे यः परगुह्य गुप्ति कृदिह श्रित्वा गुणोल्लासितां
कर्पासः स परोपकार रसिकेष्वाद्यः कथं नो भवेत् " ॥ २ ॥

"કપાસને પ્રથમ ધુળમાં નાંખી ઉગાડી તે તૈયાર થયા પછી તેનીપર નખક્ષત થાય છે. પછી તેને મોટા તોલ ઉપર ચડાવી અને ઉતારી લોહ સાથે તેનું ઉદ્ઘટન કરવામાં આવે છે. પછા પીંજણાં વગેરેથી જાત જાતના કલેશો કરી તેનું વસ્ત્ર બનાવવામાં આવે છે, એવાં એવાં દુઃખો તે સહન કરે છે, છતાં તે ગુણનો વિલાસ ધારણ કરી વસ્ત્ર બની બીજાના ગુહ્ય ભાગને ગોપન કરનાર થાય છે. આથી તે કપાસ પરોપકારમાં રસિક એવાં પુરૂષોમાં પ્રથમ દરજ્જે ગણવા યોગ્ય કેમ ન થાય ? ૨

સચિવો ! વિચાર કરો, કપાસ જેવો અચેતન પદાર્થ પણ આવો પરોપકાર કરે છે, તોપછી આપણ સચેતન મનુષ્યોએ પરોપકાર કેમ ન કરવો જોઈએ ? એક વિદ્વાન્ ગુરૂએ મને એક ગાથા સંભળાવી છે. જે હું સદાકાળ હૃદયમાં ધારણ કરી પરોપકાર વૃત્તિના મહાવ્રતને ધારણ કરૂં છું. તે ગાથા નીચે પ્રમાણે છે.

" सव्वधम्माण परमो परोवयारो जिणेहिं पन्नसो । सयल सुरासुर लच्छी सिवसुहदाणि क कप्पतरू ॥१॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" સર્વ સુર અસુરોની લક્ષ્મીને અને મોક્ષ સુખને આપવામાં એક કલ્પવૃક્ષ જેવો પરોપકાર સર્વ ધર્મોમાં ઉત્તમ છે. એમ જિન ભગવંતે કહેલ છે.

પરોપકાર વૃત્તિમાં પ્રમાણ રૂપ એવી આ ગાથા મેં મારા આત્માનો ઉદ્ધાર કરવામાં મહામંત્ર રૂપ માનેલી છે, અને તેથી હું યાવજ્જીવિત એ વૃત્તિ ધારણ કરવાને નિશ્ચયવાન થયો છું.

મહારાજા વિક્રમના આ વચનો સાંભળી અને પરોપકાર વૃત્તિમાં તેની દ્રઢતા જાણી તે મંત્રિઓ અતિશય પ્રસન્ન થયા. અને તેમણે પોતાના સ્વામી-મહારાજને હૃદયથી અનુમોદન આપ્યું હતું. નરપતિ રત્ન વિક્રમાર્ક ત્યારથી યાવજ્જીવિત પરોપકાર વૃત્તિને ધારણ કરી રહ્યો હતો અને તેથી તે અનંત પુણ્યનું ભાજન બની ઉભય લોકનું સાર્થક કરવા લાગ્યો. આ દ્રષ્ટાંતથી દરેક મનુષ્યોએ પોતાના તન મન ધન પ્રાણ વગેરેથી દુઃખી જનો માટે પરોપકાર કરવો ઘટે.

# વર્તમાન સમાચાર.

## શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ—પાલીતાણા.

શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ સંસ્થાની જનરલ સભા તા. ૧૨-૧૨-૨૫ ના રોજે શેઠ જીવણચંદ ધરમચંદ ઝવેરીના પ્રમુખપણા નીચે મુંબઇમાં મળી હતી.જે વખતે નીચે મુજબ કામકાજ થયું હતું.

( ૧ ) ગયા વખતની મીનીટ વાંચ્યા બાદ સં. ૧૯૭૯ તથા ૧૯૮૦ નો રીપોર્ટ તથા હિસાબ વાંચવામાં આવ્યો અને તે પ્રમુખ સાહેબના ભાષણ સાથે પસાર થયો હતો.

( ૨ ) સ્વર્ગસ્થ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજીસૂરીશ્વરજી કે જેઓ આ સંસ્થાના પુનરોદ્ધારક હતા, તેઓના ખેદજનક સ્વર્ગવાસની નોંધ લેવાઇ હતી.

( ૩ ) સંવત ૧૯૮૨ ની સાલ માટેની મેનેજીંગ કમીટી અને ઓદ્ધેદારોની ચુંટણી કરેવામાં આવી હતી.

( ૪ ) સં. ૧૯૮૧ તથા ૮૨ ની સાલ માટે હિસાબ તપાસનાર બે ઓડીટરોની નીમણુક કરવામાં આવી હતી.

( ૫ ) સંસ્થાના ધારા-ધોરણો કમીટીએ સુધારેલા તે તથા વિદ્યાર્થીઓને દાખલ થવાના નિયમો અને ભરવાનું ફોર્મ સુધાર્યું, તે તથા શેઠ સારાભાઇ મગનભાઇ મોદી લોન ફંડનું ફોરમ અને કરારપત્ર પાસ કરવામાં આવ્યું. ઓનરરી મેમ્બરોના ૪ નામ રજુ થયાં તે મંજુર કરવામાં આવ્યા હતાં. પ્રમુખશ્રીનું તે વખતનું ભાષણ મનનીય હોવાથી નીચે પ્રમાણે આપવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુલ-પાલીતાણા તા. ૧૩-૧૨-૨૫ના રોજ મળેલ જનરલ સભાના પ્રમુખસાહેબ શેઠ જીવણચંદ ધરમચંદ ઝવેરીએ રીપોર્ટ તથા હિસાબ પસાર કરવાની મૂકેલી દરખાસ્ત વખતનું ભાષણ.

**સુજ્ઞ બંધુઓ,**

શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુલની આજની વાર્ષિક સભાના પ્રસંગે તેના પ્રમુખ તરીકે સંસ્થાની જરૂરીઆત, તેની કાર્યવાહી તથા તેથી સમાજને થતા ફાયદાઓ વિગેરે અંગે વિવેચન કરી સમાજનું તે તરફ લક્ષ ખેંચવાનો આજે મ્હને જે સમય પ્રાપ્ત થયો છે તે માટે મ્હને આનંદ થાય છે.

આ સંસ્થાનો વહીવટ ગુરૂકુળને નામે ચાલ્યાને આ સં. ૧૯૮૨ નું વર્ષ તે નવમું વર્ષ છે. દરમ્યાન તેણે શું કર્યું છે તે વખતો વખતના રિપોર્ટથી જાણી શકાય છે, માટે તે વિષે હું આપનો વખત લેતો નથી.

સંવત ૧૯૭૩ ની સાલમાં આ સંસ્થાનો પુનરોદ્ધાર કરવા તથા તેનો વહીવટ હાથમાં લેવા મારા પરમ પૂજ્ય ગુરૂશ્રીની પ્રેરણા થઇ અને તે વખતની મારી શક્તિની અનુકૂળતા જણાતાં, બીજા આત્મબંધુઓની સમ્મતિની સાથે આ સંસ્થાનું કામ હાથમાં લેવામાં આવ્યું અને ઘણી મુશીબતો વેઠીને તમારી કમીટીએ તેને આટલી ટૂંક મુદતમાં ન અપાય તેવું રૂપ આપ્યું છે તેમ કહેવામાં આત્મશ્લાઘા થતી જણાય તો મને માફ કરશો અને તેના સત્યવિષે ઉંડા ઉતરી તપાસ કરશો.

જે ગુરૂશ્રીના નિઃસ્વાર્થ અને સમયને અનુકુળ ઉપદેશ વડે આ સંસ્થા આ હદે પહોંચી છે, તેઓશ્રીનો-આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરીશ્વરનો-સ્વર્ગવાસ ગત વર્ષમાં થયાનું આપને વિદિતજ છે, આજની જનરલ સભા તેઓના ખેદજનક સ્વર્ગવાસની નોંધ લે છે અને દિલગીરી સાથે જણાવવા રજા લે છે કે આપણે આ સંસ્થાનું કાર્ય હાથ ધર્યા બાદ સંસ્થાના મૂળ સ્થાપક અને સહાયકની જોડી એટલે શ્રીમદ્ ચારિત્રવિજયજી ( કચ્છી ) અને આચાર્યશ્રી શ્રીમદ્ વિજયધર્મસૂરિના સ્વર્ગવાસથી પડેલી ખોટ પુરાણી નથી, ત્યાંતો હમોને અપૂર્વ બળ પ્રેરતા આ અદ્‌ભુત યોગીશ્વર પણ હમોને કર્મયોગી બની કર્તવ્યની દિશા-છતી શકિતએ ન છોડવાનો બોધ આપતા હતા, તેઓ આપણી વચ્ચેથી સ્વર્ગમાં સીધાવ્યા છે, હમોને શ્રદ્ધા છે કે તેઓ સર્વેના આત્માઓ આપણી કમીટીની શુદ્ધ બુદ્ધિ અને નિસ્વાર્થ સેવા તરફ જોઇ રહ્યા છે અને આશીર્વાદ આપી રહ્યા છે. જેથી નહિ જેવા ફંડ છતાં આજે ૧૦૩ વિદ્યાર્થીઓ શ્રી સંઘની સહાયથી આપણે નિભાવી રહ્યા છીએ. જો વ્યાપાર સંબંધી આપણા સમુદાયમાં શિથિલતા ન આવી હોત તો વગરમાગે આ સંસ્થા બે ત્રણ લાખનું ફંડ કરી શકી હોત અને ૧૫૦ થી વધુ વિદ્યાર્થી નિભાવવાની કમીટીની મનોભાવના પૂરી પડી હોત. હાલના મકાનો અને તેના અંગેની બીજી ગોઠવણો અને ખર્ચ તે ભાવના ઉપર થયેલ છે.

સ્વર્ગવાસી ત્રણે મુનિરાજોના શિષ્યો પૈકી જેઓ ગુરૂકુળ તરફ પ્રેમ દૃષ્ટિથી જોઇ આર્થિક મદદ કરાવવા તૈયાર થયા છે, તેઓ અને જેઓ નથી થયા તેઓ તરફ નમ્ર ભાવે વિનંતિ છે કે પોતાના વિહાર અને ચાતુર્માસ દરમિયાન એક ચોક્કસ રકમ રૂપે-ગમે તે ભોગે વાર્ષિક અમુક રૂપિયાની સહાય કરાવવાની પોતાની શકિતનો ઉપયોગ કરશે.

તમારી કમીટીના કેટલા કાર્યવાહકો એવી શ્રદ્ધા ધરાવે છે કે કામ સારૂ કરીશું તો દ્રવ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી મળશે; કારણ આપણી કોમ દાન કરવામાં કાઇરીતે પાછળ પડી નથી. માત્ર દાનનો સદ્‌ઉપયોગ થવો જોઇએ અને તે શ્રદ્ધા વડે જૈન સમાજની થોડી નિયમિત અને બાકી છુટી છવાઇ મદદથી આ સંસ્થા ટકી છે, બલ્કે આગળ વધી છે. સદ્‌બુદ્ધિ અને શ્રદ્ધાવડે કરાતું કામ સદા આદરણીય બને છે ને બનશેજ.

જૈન કોમની દ્રવ્ય સ્થિતિ સદા જેવી ને તેવી ઉત્તમજ રહેશે અને ઇચ્છા કરતાં વધુ દ્રવ્ય માગ્યા વિના થોડા વર્ષોના કામ પછી જરૂર મળશે, તેવી શ્રદ્ધાને લઇ હમોએ આઠ વર્ષમાં મુંબઇ જેવા શહેરમાં એક પણ જાહેર સભા ભરીને અથવા ગૃહસ્થોને શરમાવીને દબાણથી દ્રવ્ય મેળવવા પ્રયત્ન નથી કર્યો; હવે તેવો કંઈ પ્રયત્ન કેટલાક સંજોગોને લઇ કરવાની જરૂર જણાય છે; પણ આપણા દાન વિષે તેવો વખત લાવવાની હમને ફરજ ન પડે તેમ ઇચ્છીશું; કેમકે પ્રેમપૂર્વક મળતી એક હજારની રકમ લક્ષ રૂપિયા બરોબર બરકત આપે છે.

બીજી કોઇ પણ સંસ્થા કરતાં ધાર્મિક સંસ્કારો ક્રિયા વિધિ સાથે આ સંસ્થામાં અધિક છે. કારણ તેના વિના આત્માને સન્માર્ગે લઇ જનાર બીજી કોઇ ચીજ નથી. હાલમાં સો ઉપર વિદ્યાર્થીની સંખ્યા થવાથી દરરોજ કાયમ ત્રણ વિદ્યાર્થીઓ આયંબિલ કરે છે. આ તપનો પ્રભાવ અપૂર્વ હોવાથી આપણે જયારથી કામ હાથ લીધું છે ત્યારથી તે નિયમ અખંડિતપણે ચાલુ છે અને તેના પ્રભાવે, અથવા કોઇ સદ્‌ભાવવાળા પુરૂષના પુન્યે, આપણી કમીટીનો દ્રવ્ય મેળવવાનો નજીવો પ્રયત્ન છતાં ૧૦૩ વિદ્યાર્થી પોષાય છે અને તમારી કમીટીએ ગયા વર્ષમાં ૧૦૮ વિદ્યાર્થી રાખવાની હદ રાખી છે તે જો વધારશે તો નવી આવેલી અરજીઓ જોતાં થોડા વખતમાં ૧૨૫ વિદ્યાર્થીઓ થઇ જશે.

વાર્ષિક મેમ્બરો તથા લાઇફ મેમ્બરો અને પેટ્રનો માટે તમારી કમીટીએ ધારા ધોરણમાં સુધારા કર્યા છે જે આજે તમારી સન્મુખ રજુ થનાર છે અને તે પાસ થતાં આશા રાખું છું કે આ વર્ષમાં આપણે સભાસદોનો સારો વધારો થએલો જોઇશું.

મકાન અંગે એક બે ગૃહસ્થો તરફથીજ મોટી રકમો મળવાની તમારી કમીટીની હિલચાલ ચાલુ હતી, પણ તે પાર પડી નહિ. થોડી પરચુરણ મદદ મળી તે જતાં મકાન ખાતે રૂપિઆ પાંત્રીશ હજાર ઉપર લેણા રહેશે તે માટે કમીટીનો પ્રયાસ છે કે સિદ્ધાચળજીની પવિત્ર ભૂમિમાં તે મકાનો જોડે પોતાનાં નામ જોડવાની શરતે જોઇતી રકમ મળે.

આશા છે કે પ્રાર્થના મંદિર માટે જેમ રૂા. ૮૦૦૦) ની રકમ શેઠ નરોતમદાસ જેઠાભાઇએ આપી શેઠ રામચંદભાઇનું નામ ત્યાં અમર કર્યું, તેમ કોઇ એક બે ગૃહસ્થો પોતાની ઉદારતાનો લાભ આપણને આપી પોતાનાં નામ અમર કરશે.

મુંબઇમાં કેટલાક સ્થળે ગુરૂકુળને મદદ માટે કેળવણી ફંડની પેટીઓ મૂકવામાં આવી છે, તેમાંથી રકમ સારી નીકળતી, પણ ઝવેરી બજારના મંદ વ્યાપારે તેમાં ઘટાડો કર્યો છે. વળી કેટલાક ઠેકાણે તે પેટીઓને બદલે બીજી પેટીઓ દાખલ કરવાની હકીકત સંભળાય છે, પણ હમારી તેવા ગૃહસ્થોને નમ્ર વિનંતિ છે કે ટીપે ટીપે સરોવર ભરાય તેવા ન્યાયે આ પેટીઓને આદર ભાવે જોઇ જેમ બને તેમ તેમાં વધારે રકમ નીકળે તેમ કરશે. જેઓને ત્યાં દર વરસે પચીશ રૂપીઆ પણ પેટી મારફતે ગુરૂકુળને મદદ કરી શકાય તેઓએ એક કાર્ડ લખી તે પેટી મંગાવી લેવી. દેવદર્શન ખાલી હાથે ન શોભે તેમ સાધર્મી ભાઇને મદદ માટે રોજનો એક પૈસો પણ ખરચવો તેવી ભાવના લાવી પોતાનાજ ઘરના અને માળાના બંધુઓ પાસે તેવી નાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રકમ પણ આપણી પેટીઓમાં રોજ નખાવે તો મહિને પાંચ દશ રૂપિઆ જરૂર નીકળે. છેવટે દરવરસે ઓછામાં ઓછા રૂા. ૨૫) તથા એકી સાથે રૂા. ૨૫૧) ની મદદથી સભાસદ થઇ શકાય છે તે તરફ તથા તમારી કમીટીએ પોતાના હાથ પહોળા કરવા માટે જેઓ અમુક રીતે મદદ કરાવે તેમને પણ સભાસદ ગણવાનો હક્ક આપ્યો છે તે તરફ સ્વયંસેવકોનું ધ્યાન ખેંચીશું.

થોડા વખતથી એક પ્રશ્ન ચર્ચાય છે તે માટે કંઇ કહું તો આ પ્રસંગે યોગ્ય જણાશે અને તે એ છે કે "એકજ પ્રકારનું કામ કરતી બે સંસ્થા છે તે કરતાં જોડાણથી કામ થાય તો ઠીક" આ માટે આપણી કમીટી ઉપર પત્ર આવવાથી કમીટીએ તે તરફ પસંદગી બતાવી હતી. સમાજની સ્થિતિ જોતાં મોટા શહેરોમાં બીજાં વધુ ગુરૂકુળોની જરૂર છે, પણ એકજ સ્થાનમાં બે સંસ્થા હોવાથી કેટલાકોને બોલવાનું થય છે. બન્ને સંસ્થા વચ્ચે સહકાર પૂરો છે છતાં સેવા ભાવે કામ કરનાર પુરૂષોની અછત જોતાં અને બીજા કેટલાક લાભો જોતાં બન્નેના ઉમંગી કાર્યવાહકો સાથે મળી કામ કરે તો હાલ જે લાભ અપાય છે તે કરતાં વધારે અપાય તેમ મારૂં માનવું છે.

આ અંગે કોઇ સંમત ન થનું હોય તેથી તેમાંનો વિરોધ નથી, પણ પ્રમાણિક મતભેદ હોઇ શકે, અને તે માટે ઇચ્છવા યોગ્ય છે કે જરૂર લાગે બન્ને સંસ્થાના અધિકારીઓ ભેગા મળી ઉહાપોહ કરે ને બની શકે તેટલો સહકાર વધારે.

આજ સુધી જે પૂજ્ય મુનિમહારાજાઓ તથા ગૃહસ્થોએ આ સંસ્થા તરફ ઉદાર ભ વે જોઇતી મદદ કરાવી છે અને કરી છે તેઓનો તથા આપણી કમીટી જે કાંઇ કાર્ય કરી રહી છે તેમાં સ્થાનિક કમીટી અને ખાસ કરી તે કમીટીના અધિકારીઓનો હિસ્સો મોટો છે માટે તેઓનો તથા પાલીતાણાના નામદાર ઠાકોર સાહેબ તથા મહેરબાન દિવાન સાહેબ અને અન્ય અધિકારીઓનો સદ્ભાવ અપૂર્વ હોઇ વખતોવખત અમૂલ્ય સૂચનાઓ સાથે મેળાવડાઓમાં ભાગ લઇ ગુરૂકુળ તરફ જે સહાનુભૂતિ દર્શાવે છે તે માટે તેઓનો આભાર પ્રદર્શિત કરૂં છું.

છેવટે આપની સમસ્ત સંસ્થાની કાર્યવાહક કમીટી તરફથી તેના કામકાજનો સંવત ૧૯૭૯-૮૦ નો જે રિપોર્ટ ઓનરરી સેક્રેટરીએ રજુ કર્યો છે તે મંજુર રાખવા હું દરખાસ્ત કરૂં છું અને મને આશા છે કે આપ તે સર્વાનુમતે પસાર કરશો.

---

## જૈનપુરી અમદાવાદમાં હિંદુસ્તાનના સમગ્ર જૈન સંઘનું સંમેલન.

આપણા પવિત્ર તીર્થ શ્રી શત્રુંજયનો મહાન પ્રશ્ન–હક, રક્ષણ, પવિત્રતા અને સ્વતંત્રતાને અંગે કેટલાક પ્રતિકૂલ સંયોગો–ઉભા થયેલ હોવાથી આખી જૈન સમાજનું ભારે ધ્યાન ખેંચી રહેલ છે, તેમજ તે સાથે શ્રી સમેતશિખરજી, રાજગ્રહી, અને તારંગાજી વિગેરે તીર્થોના પણ તેવાજ કેટલાક પ્રસંગો ઉપસ્થિત થયેલ હોવાથી તેના સંરક્ષણાર્થે અમદાવાદથી શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની સકળ હિંદના શ્રી સંઘનું પ્રતિનિધિપણું ધરાવતી તીર્થ રક્ષણ આ પેઢીના તરફથી આમંત્રણ થતાં ત્યાંની પેઢીના સમગ્ર પ્રતિનિધિ મહાશયો અને બીજા શહેર અને ગામોના પ્રતિનિધિઓ તથા બીજા કેટલાક આમંત્રણ કરવામાં આવેલા અન્ય બંધુઓનું એકત્ર સંમેલન શેઠ હઠીભાઇના બંગલે તા. ૨-૩-૪ પોષ વદી ૩-૪-૫ શનિ, રવિ, સોમવારના રોજ શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇ દલપતભાઇના પ્રમુખપણા નીચે મળ્યું હતું. આ અણીના પ્રસંગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગમે તેવા મતભેદ હશે તેને ભૂલી જઇ એ શાસન હિતના કાર્યમાં આખો સકલ સંઘ પોતાનાં તન, મન, ધન–સર્વસ્વ અર્પણ કરવા એક પગે તૈયાર થયેલ આ સંમેલનમાં જોવામાં આવેલ હતા. આજે શ્રી શત્રુંજયતીર્થ પ્રત્યે પોતાની અપૂર્વ ભક્તિ, શ્રદ્ધા કેવાં અડગ રીતે ટકેલાં છે તે આ સંમેલનમાં બતાવી આપ્યું છે તે આ સંમેલનમાં થયેલ કાર્યો ઉપરથી પ્રત્યક્ષ દેખાય છે. પ્રમુખશ્રીના ભાષણના ઉદ્દગારો એવા હતા કે આવેલા બંધુઓ ઉપર સારી અસરી થઇ હતી અને તેઓશ્રીના જણાવ્યા પ્રમાણે દરેક ઠરાવ શાંતિથી લાગણીથી અને સર્વાનુમતે પસાર થયેલા હતાં. આવી એક સંપીજ હમેંશા ગમે તેવા પ્રતિકૂલ સંયોગો કે આડખીલોને હઠાવી શકે છે; તેટલુંજ નહીં પરંતુ પોતાના હક, સ્વતંત્રતા અને તીર્થનું રક્ષણ–સામી બાજુ પાસેથી ન્યાયપૂર્વક મેળવી શકે છે અને આ સંમેલનમાં જોવાયેલી એક સંપી ભવિષ્યમાં પવિત્ર તીર્થના હક, સ્વતંત્રતા અને પવિત્રતાનું રક્ષણ કરી જ શકશે તે ચોકસ છે. ત્રણ દિવસ સુધી ચાલેલા કામકાજમાં શ્રી શત્રુંજયનો આગલો ઇતિહાસ, લડતો, ચાલુ વહીવટ વગેરે માટે અનેક ચર્ચા, ટીકા અને વિવેચનો થયાં. પ્રથમ શ્રી શત્રુંજય તીર્થના અંગે વિચાર કરતાં જૂદી જૂદી રીતે કામ લેવા માટે બે દિવસ ચર્ચા થતાં સંપૂર્ણ એક સંપી, એક દીલી અને અંતઃકરણની ઉચ્ચ ભાવના અને ઉભરાતી લાગણીઓ સાથે આઠ ઠરાવો પસાર કરવામાં આવ્યા, ત્રીજે દિવસે અન્ય તીર્થો શ્રી સમેત શિખરજી વગેરે માટે પણ સવાલો ચર્ચાર્યા. જોકે આ સંમેલનમાં ચાલેલ તમામ કાર્યનો હેવાલ વર્તમાનપત્રના અધિપતિઓને બહાર ન પાડવા માટે કરેલ સૂચના પણ યોગ્ય સ્થાને હતા. એટલે તમામ હકિકત આપી શકાય નહીં, વળી બીજી પણ એક હકીકત અમારે સખેદ જણાવવી પડે છે કે, મુંબઇ અને બીજા શહેરમાંના પ્રતિનિધિ બંધુઓ સિવાય આ કાર્યમાં વિચાર આપી શકે, તન મન ધનથી યથાયોગ્ય મદદ કરી શકે માટે અન્ય બંધુઓને જેમ બ્હોળા પ્રમાણમાં આમંત્રણ કરવામાં આવ્યું તેમ અમારા ભાવનગર શહેરમાં જૈન કોમની મોટી સંખ્યા હોવા છતાં, બીજા અનેક આગેવાનો, વિચારકો, કાયદાનું જ્ઞાન ધરાવનારા, શ્રી શત્રુંજય તીર્થના કાર્યમાં રસ લેનારા ( તેમજ શ્રી શત્રુંજય તીર્થ ભાવનગરની નજીક છતાં ભૂતકાળમાં પણ આ તીર્થ માટે સેવા આપતા અને અત્યારે પણ આપે તેવા છે છતાં ) શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના શ્રીયુત કાર્યવાહકોએ ત્રણ પ્રતિનિધિઓ અને એક જૂના પ્રતિનિધિ પંચત્વ પામ્યા છે તેમના પુત્ર (સિવાય ) ચાર હજારની જૈન વસ્તીવાળા શહેરમાંથી ઉપરની સ્થિતિ છતાં બીજા ગૃહસ્થ કે વિચારકને કેમ આમંત્રણ નહીં કર્યું હોય તે સમજી શકાતું નથી. ગમે તેમણે તે ભૂલ કરેલી હોય તો તે દિલગીર થવા જેવું છે. શાસનના કોઇપણ સમગ્ર પ્રસંગોએ આ શહેર માટે આવી ભૂલ ન થવા નમ્ર સૂચના શેઠશ્રી આણંદજી કલ્યાણજીની કમીટીના મેંહેરબાન મુખ્ય કાર્યવાહકોને કરીયે છીયે.

ત્રણ દિવસ સુધી શાંતિપૂર્વક, પ્રેમપૂર્વક, સર્વાનુમતે કામ ચાલ્યું હતું. છેવટે શ્રી શત્રુંજય તીર્થના સંબંધમાં વખતો વખત યોગ્યરીતે પગલાં લેવા માટે અને ખાસ કરીને શેઠશ્રી આણંદજી કલ્યાણજીને મદદ કરવા માટે ૧ શેઠ અંબાલાલ સારાભાઇ, ૨ શેઠ કીકાભાઈ પ્રેમચંદ, ૩ શેઠ શાંતિદાસ આસકરણ અને શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના કાર્યવાહક પ્રતિનિધિઓમાંથી ચાર મળી કૂલ સાતની એક કમિટી નિમવામાં આવેલ છે જેમને સકલ સંઘે સંપૂર્ણ સત્તા આ માટે આપેલ છે જે યોગ્ય થયેલ છે. અને તે કમિટી જે જે નિર્ણયો જાહેર કરે તે હિંદના સકલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંઘની આણુ સમજી ગચ્છ, પક્ષ, પ્રાંત કે કોઇપણુ મતભેદ વિના એકદીલીથી એકમતે અમલ કરવા ઠરાવવામાં આવ્યું. હિંદના આ સંમેલનમાં આ સંબંધી ઠરાવો વિષે હકીકતો બીજા પેપરમાં આવી ગયેલ છે, જેથી તે આપવાની આવશ્યકતા નથી.

## ૩ શ્રી તળાજા તીર્થે યાત્રા કરવા જનાર માટે થયેલી સગવડ.

આ તીર્થે યાત્રા કરવા જનાર માટે હાલમાં રેલ્વે ખુલ્લી થવાથી સારી સગવડ થઇ છે. આ રેલ્વે ભાવનગર રાજ્યે એજન્ટ ટુ ધી ગવરનલ જનરલ મે. વોટસન સાહેબના હાથથી ગઇ પોષ વદી ૬ ના રોજ ખોલાવી છે. ભાવનગરથી તળાજા બત્રીશ માઇલ છે. રેલ્વે થયાં છતાં તળાજાનું સ્ટેશન તળાજા ગામમાં આવતાં શુમારે ત્રણ માઇલ દૂર રહે છે. જેથી તેટલી અગવડતા પણુ દૂર કરવા ભાવનગર રાજ્યને અરજ કરવાની આપણે જરૂર છે. રેલ્વે ભાડુ ભાવનગરથી નીચલો કલાસ બાર આના અને ઉપલો કલાસ દોઢ રૂપૈયો. ભાવનગરથી સવારના ૯ા કલાકે જાય છે. સાંજે પોણા ૭ કલાકે ભાવનગર આવે છે.

## ૪ શહેર કરાંચીમાં જૈન પ્રોફેસર કે. કે. શાહના અદ્‌ભુત શરીરબળના પ્રયોગો.

તા. ૯-૧-૨૬ ના રોજ પ્રોફે. કે. કે. શાહે કરાંચીમાં પર્લ થીએટરમાં પ્રથમ છાતી ઉપર ૩૦૦૦ રતલનો પથ્થર મૂકાવી બીજો તે ઉપર મૂકી હથોડાવતી ભંગાવ્યો હતો, બીજો દશ-પંદર માણસો બેઠેલ એવી મોટરનું એક પૈડું પસાર કરાવ્યું હતું વગેરે અનેક ચમત્કારિક પ્રયોગો કરી બતાવ્યા હતા. પ્રો૦ કે. કે. શાહ થોડા વખતમાં અમેરિકામાં જનાર છે. પ્રો૦ કે. કે. શાહ પાટણના રહીશ છે તેમને નાનપણથી કસરત ઉપર શોખ હતો જેથી આજ ત્રીશ વર્ષે શરીરબળના આશ્ચર્યચકિત કરે તેવા પ્રયોગો કરી શકે છે. કેટલાંક વર્ષ પહેલાં તેમણે સરકસ કાઢયું હતું પરંતુ હાલમાં બંધ કરેલ છે. તેમના બાર વર્ષ પહેલાં લગ્ન થયાં હતાં ત્યારથી આ કાર્ય છોડી દીધું હતું. પરંતુ સાત વર્ષ પછી સને ૧૯૨૩ માં પોતાનું અંગબળનું આ કાર્ય આગળ વધારવા પોતાની સ્ત્રી સાથે સંકેત કરી બ્રહ્મચર્યવ્રત સર્વથા લીધું અને અંગબળની ખીલવટ શરૂ કરી છે. પોતે જૈન હોવાથી ભક્ષ્યાભક્ષ્યના વિવેકવાળા અને કડણ નિયમોનું પાલન કરનારા છે. જૈનકોમે પ્રોફે. કે. કે. શાહ માટે મગરૂર થવા જેવું છે. જૈન બાળકોને આવી શારીરિક કેળવણી આપવાની જરૂર છે તોજ તે બાળકો ભવિષ્યમાં ધર્મનું, પ્રજાનું, દેશનું રક્ષણ કરી શકે. બ્રહ્મચર્યનું પાલન એ વ્યવહાર અને ધર્મનું રક્ષણ કરવા સાથે મોક્ષ આપનાર એટલા માટે જ કહેલ છે. પ્રોફે૦ કે. કે. શાહને પરમાત્મા ઉત્તરોત્તર વધારે શક્તિ અને વિજય આપે અને જૈનસમાજને માટે તે ઉપયોગી થઇ પડે એમ પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર અને સમાલોચના.

શ્રી અનુકંપા ફંડ ખાતાનો સં. ૧૯૮૧ ના વર્ષનો રીપોર્ટ અમોને મળ્યો છે. આ ખાતું કસાઇને ત્યાં જતા જીવો છોડાવી દયાનું કામ સારૂં કરે છે આ ખાતું મુંબઇમાં છે. તેના સેક્રેટરી ડાહ્યાભાઇ ન્હાલચંદ છે આ વર્ષમાં રૂા ૧૮૫૦૭-૯-૮ આ ખાતે મુંબઇ અને બહાર ગામથી આવેલા છે. ૭૧૮૨ નાના મોટા જીવો રૂા ૧૦૯૯૨-૭-૦ આ વર્ષમાં છોડાવ્યા છે. જે વાંચી આનંદ સાથે સંતોષ થાય છે. રૂા ૭૦૭૦-૧૨-૨ જુદાજુદા ગામે ઘાસ રોટલા જુવાર પાણીના અવેડા, અનાજ, કપડા, પાણીના પરબો વગેરેમાં ખરચી પુણ્યબંધ કરેલ છે. એકંદર રીતે આ ખાતાના કાર્યવાહકો તાત્કાલીક ઉપયોગ પૈસા આપનારનો કરે છે તે યોગ્ય છે. અમે તે ખાતાની આબાદી ઇચ્છીયે છીયે.

કુરિવાજ દર્પણ—સ્થંભતીર્થ જૈન મંડળ તથા ચૈત્ય વ્યવસ્થાપક કમીટીનો સં. ૧૯૭૯ થી સં. ૧૯૮૧ સુધીનો રીપોર્ટ—

આ ત્રણ વર્ષના રીપોર્ટ વાંચતાં તેના કાર્યવાહકોએ ( મંડલે ) શ્રી સ્તંભતીર્થ ચૈત્ય વ્યવસ્થા ઠીક કરેલી છે આ મંડલે ૪૧ સભાઓ મેળવી પંદર પત્રિકાઓ છપાવી પોતાનો ઉદ્દેશ કેટલેક અંશે પાર પાડયો છે. આ ખાતાનો હિસાબ આ રીપોર્ટમાં પ.છળ આપેલો છે તે પોતાનો વહીવટ ચોખવટવાળો છે તેમ બતાવે છે. પ્રથમ મોહનલાલ દીપચંદ ચોકસીના કુરીવાજ માટેનો લેખ આવેલો છે જે વાંચવા જેવો છે અમો આ ખાતાની અભિવૃદ્ધિ ઇચ્છીયે છીયે.

## મુનિરાજ શ્રી મોહનલાલજી જૈન સેન્ટ્રલ લાયબ્રેરી તથા સંસ્કૃત પાઠશાળા.

સને ૧૯૨૨-૨૩-૨૪ તેમ ચૌદ અને પંદરમા વર્ષનો રીપોર્ટ મળ્યો છે આ લાઇબ્રેરીનો જન્મ ખરી જરૂરીયાત વખતે થયેલો છે. વ્યવસ્થા પણ સારી ચાલે છે. પુસ્તકો કુલ ૯૪૩૮ અત્યાર સુધીમાં નંબરો ચડયા છે. આ પુસ્તકાલયનો લાભ જૈન સાથે અન્ય કોમ પણ સારા પ્રમાણમાં લે છે. ફંડ સારૂ છે. સંસ્કૃત પાઠશાળાની પ્રગતિ થવાની જરૂર છે. આ વખતે પણ અમો ફરી સૂચના કરીયે છીયે કે તેમને પોતાના સ્વતંત્ર જાહેર રસ્તા ઉપર મકાનની જરૂર છે. હિસાબ વિસ્તારથી આપેલ વિશ્વાસપાત્ર છે. અમો તે સંસ્થાની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

## શ્રી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદ્.

આ સંસ્થાની પ્રશ્નાવલીનાં ફોર્મ મળ્યાં છે. આવી સંસ્થાઓની જૈન કોમને જરૂર છે પરંતુ ધૈર્યતા, સંપ, સેવાભાવ અને લાગણીની સાથેજ જરૂર છે. જો તે કાયમ ટકી રહે તો કોમના ઉદય માટે સારૂં કાર્ય કરી શકે !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## માનવંતા ગ્રાહકોને નમ્ર સૂચના.

ચાલતા આત્માનંદ પ્રકાશ પુસ્તક ૨૩ મા તથા હવે પછીના પુસ્તક ૨૪ મા બંને વર્ષની ચાલુ નિયમ પ્રમાણે બે વર્ષની ભેટ બુક છપાય છે. પ્રથમ લવાજમ બે વર્ષનું મોકલી આપવાથી વી. પી. ના પૈસાનો ગ્રાહકને બચાવ થાય છે. જેથી લવાજમ મોકલી આપવા સૂચના છે.

## જાહેર ખબર.

આ કથાનક ગ્રંથનો પ્રથમ ભાગ ખરીદનાર બંધુએ સત્વર બીજો ભાગ મંગાવી લેવો. તે સિવાય આ ચરિત્ર અપૂર્ણ રહેશે. પ્રથમ ભાગ કરતાં બીજા ભાગની નકલો વિશેષ રહેતાં આ જાહેર ખબર આપવાની જરૂર પડી છે.

# શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર (ભાષાંતર).

## ભાગ ૧ લો તથા ભાગ ૨ જો.

(અનુવાદક:—આચાર્ય મહારાજ શ્રી અજીતસાગરજી.)

પ્રભુના કલ્યાણકો અને દેવોએ તે વખતે કરેલ અપૂર્વ ભક્તિનું વિસ્તારપૂર્વક વર્ણન શ્રીસુપાર્શ્વનાથ પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી અનેક સ્થળે વિચરી ભવ્યજીવોને આપેલ ઉપદેશ, અનેક કથાઓ, શ્રાવક જનોને પાળવા લાયક વ્રતો અને તેના અતિચારો વિગેરેનું વર્ણન ઘણુંજ વિશાળ રીતે આપેલ છે. આ કથાના ગ્રંથોમાં બુદ્ધિનો મહિમા-સ્વભાવનું વિવેચન, અદ્દભૂત તત્ત્વવાદનું વર્ણન, લૌકિક આચાર, વ્યવહાર, સામાજીક પ્રવૃત્તિ, રાજકીય પરિસ્થિતિ, ધાર્મિક પ્રભાવ તથા નૈતિક જીવન વગેરે તત્ત્વનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. એકંદર આ ગ્રંથ માનવજીવનનો માર્ગદર્શક, જૈન દર્શનના આચારવિચારનું ભાન કરાવનાર એક પ્રબળ સાધનરૂપ છે.

ઉંચા રેશમી કપડાના પાકા બાઇન્ડીંગના એક હજાર પાનાના આ બે ગ્રંથની કિંમત રૂા. ૪-૮-૦ પોસ્ટ ખર્ચ જુદો.

જલદી મંગાવો! માત્ર જુજ નકલો સીલીકે છે. જલદી મંગાવો!

# શ્રી નેમિનાથ પ્રભુનું ચરિત્ર.

શ્રી નેમનાથ ભગવાન તથા સતી રાજેમતીનું નવ ભવનું અપૂર્વ ચરિત્ર, સાથે જૈન મહાભારત-પાંડવ કૌરવનું વર્ણન, અતૂલ પુણ્યવાન શ્રી વસુદેવ રાજાના અદ્દભુત વૈભવની વિસ્તારપૂર્વક કથા, મહાપુરૂષ નળરાજા અને મહાસતી દમયંતીનું અદ્દભૂત જીવનવૃત્તાંત, તે સિવાય પ્રભુના પાંચ કલ્યાણકો, પરિવાર વર્ણન અને બીજી અનેક પુણ્યશાળી જનોના ચરિત્રથી ભરપુર સુંદર ટાઇપ, સુશોભિત બાઇડીંગથી અલંકૃત કરેલ આ ગ્રંથ છે. વાંચતાં આલ્હાદ ઉત્પન્ન થાય છે. કિંમત રૂા. ૨-૦-૦ પોસ્ટેજ જુદું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નૈતિક ચેતનાશકિત.

" સમાજનો ઉદય માત્ર તેનાં નીતિ સૂત્રો સુધારવા અથવા ઉન્નત થવા ઉપર જ આધાર રાખતો નથી; નૈતિક ચેતના શકિત જાગૃત થવા ઉપર પણ રહેલો છે. જ્યારે આ ચેતના શકિત જાગૃત કરવાનું કામ મ્હોટા પ્રમાણમાં થયું હોય છે, ત્યારે તે કોઇ વિરલ વિશિષ્ટતા ધરાવનારા ગુરૂઓ મારફતે જ મોટે ભાગે થયું છે. તેઓ આચાર સૂત્રો સુધારવા તરફ જોતા નથી, પણ માણસો જે સિદ્ધાંત સ્વીકારતા હોય તેને અનુરૂપ આચાર રાખવાની તીવ્ર ઉત્કંઠા મનુષ્યોમાં જાગૃત કરવાની કલા તેમને લાધેલી હોય છે. આ અવ્યભિચારના આ ઉન્નત ગુણ—પછી એને સદાચારનો, પવિત્રતાનો યા ધર્મનો અનુરાગ કહો, કે ચાહે તે કહો—જ્યાં જોવામાં આવે છે ત્યાં નૈસર્ગિક જ જણાય છે, દાખલા દલીલથી ઉત્પન્ન થયેલો નથી હોતો. તે વૃત્તિજન્ય, સહાનુભૂતિજન્ય, સંસર્ગજન્ય, અને અભિલાષજન્ય હોય છે. આથી કર્તવ્ય બુદ્ધિના પ્રકારમાં કશી વધઘટ થતી નથી, પણ તેનાં પરિમાણમાં સતત વધઘટ થયાં જ કરે છે. ભિન્નભિન્ન સમાજોમાં, અથવા એકજ સમાજમાં ભિન્નભિન્ન સમયે નૈતિક ચેતના શકિતનું પરિમાણ અતિવ ભિન્ન ભિન્ન હોય છે. એક સમાજની નૈતિક અવનતિનું તાત્કાલિક કારણ, તેની નૈતિક ચેતના શકિતની અવનતિ છે, નૈતિક સદસદ્ વિવેકનો ધ્વંસ છે, તેના નીતિના સિદ્ધાંતની અવનતિ નથી. ગ્રીક લોકો દુરાચારી અને દુર્બલ થયા તે નીતિશાસ્ત્રની ન્યૂનતાને લીધે નહિ, પણ નીતિનિયમોના સત્ય અને પ્રભાવના પ્રત્યક્ષ ભાનવાળા જનોની સંખ્યા ઘટી જવાને લીધે. મુસલમાનો પૂર્વમાં અને સ્પેઇનમાં ખ્રિસ્તીઓ સામે ફતેહમંદ થયા તે—તે વેળાના બધા સંજોગોમાંથી નૈતિક સ્થિતિ ઘડીભર અલગ કરીને આપણે જોઇશું તો—તેમનું કર્તવ્યશાસ્ત્ર વધારે ઉન્નત અથવા વધારે વ્યાપક હતું તેથી નહિં, પણ કર્તવ્ય યા ધર્મ માટે તેમનો આદર વધારે અવિશ્રાંત અને પ્રખર હતો તેથી."

" સમાજમાં આ નૈતિક ચેતના શકિતના અમૂલ્ય તત્ત્વને અને તેટલું સ્વતંત્ર, જાગૃત અને જીવંત રાખવાનું ગંભીર મહત્વ, સ્વાતંત્ર્ય વિરૂદ્ધ બળાત્કારને પ્રાધાન્ય આપનારા વિચારકો, સમાજના એક જીવક મંત્ર તરીકે સ્વીકારતા નથી જે સમાજમાં કોઇ મત અને વ્યવહાર રીતિની વિરૂદ્ધ બળાત્કારનાં પગલાં લેવામાં આવે તે દરેક પગલાંથી તે સમાજની નૈતિક ચેતનાશકિત ઓછી થવાનો સંભવ છે. અલબત જ્યારે કોઇ વ્યવહાર રીતિ બીજાના કાયદેસર હકની આડે આવતી હોય, એટલે કે જ્યારે તેની અસર તેના કર્તા માત્ર ઉપરજ ન થતી હોય પણ પારકા ઉપર પણ થતી હોય, ત્યારે તેમ કરવામાં તેમની પ્રામાણિકતા ગમે તેટલી તિવ્ર કેમ ન હોય તોપણ તેમના ઉપર બળાત્કાર વાપરવાની જરૂર પડે છે. આવા પ્રસંગમાં તેની સ્વતંત્રતા ઓછી કરવાથી જે અનિષ્ટ થાય છે તે, જગતને ભોગે પોતાની સુખ સગવડના ખ્યાલોને અમલમાં મૂકનારાઓના છૂટા દોર મૂકવાથી થતા અનિષ્ટથી બહુ ઓછું છે. પણ જ્યારે આવા ખ્યાલનો ઉપર કહ્યા પ્રમાણે અન્યની સ્વતંત્રતાને અબાધ રાખીને અમલ થઇ શકે એમ હોય તો, તેનો અમલ થતો બળાત્કારે અટકાવવો એ સમાજ જે નૈતિક ચેતનાશકિત ઉપર અવલંબેલો છે તેના પ્રભાવ અને પરિમાણને સ્પષ્ટ રીતે દુર્બલ કરવા બરાબર છે.

લોર્ડ મોર્લી.

For Private And Personal Use Only